Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

भो भद्राः केयमविद्या ? कोऽयं मोहः ? केयमात्मवञ्चनता ? केयमात्मवैरिकता ? येन यूयं गृध्यथ विषयेषु । मुह्यथ कलत्रेषु । लुभ्यथ धनेषु । स्निह्यथ स्वजनेषु । हृष्यथ यौवनेषु । तुष्यथ निजरूपेषु । पुष्यथ प्रियसङ्गतेषु । रुष्यथ हितोपदेशेषु । दूष्यथ गुणेषु । नश्यथ सन्मार्गात्सतस्त्वस्मादृशेषु सहायेषु । प्रीयथ सांसारिकसुखेषु । न पुनर्यूयमभ्यस्यथ ज्ञानं । नानुशीलयथ दर्शनं । नानुतिष्ठथ चारित्रं । नाचरथ तपः । न कुरुथ संयमं । न संपादयथ सद्भूतगुणसंभारभाजनमात्मानमिति । एवं च तिष्ठतां भवतां भो भद्र! निरर्थकोऽयं मनुष्यभवः । निष्फलमस्मादृशसन्निधानं । निष्प्रयोजनो भवतां परिज्ञानाभिमानः । अकिञ्चित्करमिव भगवद्दर्शनासादनं । एवं हि स्वार्थभ्रंशः परमवशिष्यते । स च भवतामज्ञत्वमालक्षयति । न पुनश्चिरादपि विषयादिषु संतोषः । तन्न युक्तमेवमासितुं भवादृशां । अतो मुञ्चत विषयप्रतिबन्धं । परिहरत स्वजनस्नेहादिकं । विरहयत धनभवनममत्वव्यसनं । परित्यजत निःशेषं सांसारिकमलजालं । गृह्णीत भागवतीं भावदीक्षां । विधत्त संज्ञानादिगुणगणसंचयं । पूरयत तेनात्मानं । भवत स्वार्थसाधका यावत्सन्निहिता भवतां वयं ।

उपमिति भवप्रपञ्चा कथा.

પુસ્તક ૩૦ મું. કાર્તિક. સં. ૧૯૭૧. શાકે ૧૮૩૬. અંક ૮ મો.

## दीवाळीकल्पनुं स्तवन.

સિદ્ધાચલ ગાવું રે, મોતીડે વધાવું રે, દાદા સુણો વિનતી હોજી-એ રાગ.

વીરા વેગે આવોરે, ગોયમ કહી બોલાવો રે,
દર્શન વહેલા દીજીએ હોજી.
પ્રભુ તું નિઃસનેહી હું અસનેહી અજાણ. દર્શન૦ ટેક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સાખી.** ( હરિગીતની ચાલની. )

**ગોયમ** ભણે હો નાથ ! ત્હેં વિશ્વાસ આપી છેતર્યો,
પરગામ મુજને મોકલી તું મુક્તિ રમણીને વર્યો;
જિનજી હું શું માગત ભાગ સુજાણ? દર્શન૦ ૧

શિવનગર થયું શું સાંકડું કે હતી નહિ મુજ યોગ્યતા,
એ કહ્યું મુજને હોત તો કોણ કોણ કોઇને રોકતા ?
પ્રભુજી તારા ગુપ્ત ભેદથી અજાણ. દર્શન૦ ૨

મમ પ્રશ્ન ઉત્તર દેઇ ગોયમ કહી કોણ બોલાવશે,
કોણ સાહ્ય કરશે સંઘની શંકા બિચારી ક્યાં જશે ?
પુણ્ય કથા કહી પાવન કરો મમ પ્રાણ. દર્શન૦ ૩

જિનભાણ અસ્ત થતાં તિમિર મિથ્યાત સઘળે જામશે,
કૌશિક કુમતિ જાગશે વળી ચોર ચુગળ વધી જશે;
એકવાર ત્રીગડે બેશી દ્યો દર્શન ભાણ. દર્શન૦ ૪

મુનિ ચૌદસહસ છે વાહરે વીર માહરે તું એક છે,
મૂકી ગયા રડતો અહીં પ્રભુ ક્યાં તમારે ટેક છે ?
સ્વપ્નાંતરમેં અંતર ન ધર્યો સુજાણ. દર્શન૦ ૫

પણ અગ્ર હું એ વાટ ચાલ્યા નવ મળે કોઇ અવસરે,
હું રાગવશ રખડું નિરાગી **વીર** શિવપુર સંચરે;
હું **વીર વીર** કહું **વીર** ન ધરે કાંઈ કાન. દર્શન૦ ૬

કોણ **વીર** ને હું કોણ **ગોયમ** નહિ કોઈ કોઇનું કદા,
એ રાગ ગ્રંથી તુટતાં વરનાણ ગોયમને તદા;
સુરગો વરૂ મણિ[1] **ગૌતમ** ધ્યાને નિદાન. દર્શન૦ ૭

કાર્ત્તિક માસ અમાસ[2] રાતે અસ્ત ભાવદિપક તણે,
કરી દ્રવ્યદિપક જ્યોત દેવે લોક દીવાળી ભણે;
**વીર** વજીરના[3] **સાંકળચંદ** કરે ગાન. દર્શન૦ ૮

---

૧ કામધેનુ, કલ્પવૃક્ષ, ચિંતામણિરત્ન. ૨ આસો વદિ ૦ ))
૩ ગૌતમસ્વામીના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आध्यात्मिक पद.

( રાગ માલકોશ. )

કયું કર ભક્તિ કરૂં પ્રભુ તેરી.
કામ ક્રોધ મદ માન વિષય રસ,
છાંડત ગલ નમેરી કયું કર૦ ૧
કરમ નચાવત તિમહિ નાચત,
માયા બશ નટ ચેરી. કયું૦ ૨
દ્રષ્ટિ રાગ દઢ બંધન બાંધ્યો,
નિકસત ન લહી સેરી. કયું૦ ૩
કરત પ્રશંસ સબ મીલ અપની,
પરનિંદા અધિકેરી. કયું૦ ૪
કહત માન જિન ભાવ ભગતિ બિન,
શિવ ગતિ હોત ન તેરી. કયું૦ ૫

૧ હે પ્રભુ! હું આપને મ્હારી અરજ ગુજારૂં છું તે નિધામાં લેશો. કામ, ક્રોધ, મદ, માન અને વિષય રસાદિ દોષો કેમે મ્હારી કેડ છોડતા નથી. હે નાથ! હું આપની સેવા ભક્તિ શી રીતે કરી શકું?

૨ જેમ કર્મ નચાવે તેમ નટની પેરે વિવિધ વેશ ધરી મ્હારે નાચવું પડે છે.

૩ દૃષ્ટિરાગના દ્રઢ બંધનથી બંધાયો છું તેથી તેનો ત્યાગ કરીને સત્ય માર્ગને જાણી કે આદરી શકતો નથી.

૪ મોહ મમતાવશ સહુ કોઇ આપ આપણાં વખાણ અને પારકી નિંદા મુક્ત કંઠથી કર્યા કરે છે તેમ હું પણ વર્ત્યા કરૂં છું.

૫ શ્રી માનવિજયજી મહારાજ કહે છે કે હે પ્રભુ! આપની ખરી ભક્તિ વગર આ ચેતનનું કલ્યાણ થઇ શકે તેમ નથી, તેથી જેમ આ ચેતન આપની સેવાનો લાભ લઇ શકે તેમ કરો. તેમાં નડતાં વિઘ્નોને આપ વિસરાળ કરો. જેથી હું મ્હારૂં ઇચ્છિત સુખ સાધી શકું. ઇતિશમ્.

( ૨ )

( રાગ બિહાગડો. )

હમ ન કિસીકિ કોઉ ન હમારા,
જૂઠા હૈ જગકા વ્યવહારા. હમ૦ ૧
તન સંબંધ સકલ પરિવારા,
સો તન હમને જાનનહારા. હમ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુન્ય ઉદય સુખકા અઢવારા,
પાપ ઉદય દુઃખ હોત અપારા. હમ૦ ૩
પાપ પુન્ય દોય હે સંસારા,
મેં સબ દેખન જાનન હારા. હમ૦ ૪
મેં ત્રિહું જગ ત્રિહું કાલ અકેલા,
પર સંજોગ ભયા બહુ મેલા; હમ૦ ૫
પ્રીત પુરાની ખર ખર જાઈ,
મેરે હરખ શોક કછુ નાંહી. હમ૦ ૬
રાગ ભાવસેં સજ્જન માને,
દ્વેષ ભાવસેં દુર્જન જાને. હમ૦ ૭
રાગ દ્વેષ દો હમમેં નાંહીં,
દાનત નિજપદ ચેતનમાંહિ. હમ૦ ૮.

૧-૨ વસ્તુતઃ હું કોઇનો નથી અને કોઇ મ્હારૂં નથી. આ હું અને મ્હારૂં એ જગતનો જૂઠો કલ્પિત પ્રાય વ્યવહાર છે. તેમાં હું જ્ઞાયક ભાવે રહેનારો છું.

૩-૬ પુન્ય ઉદયથી સુખનો વધારો અને પાપના ઉદયથી દુઃખનો વધારો થાય છે. ઉકત પુન્ય અને પાપથી સંસાર ભ્રમણ થાય છે, હું તેનો જ્ઞાતા-દ્રષ્ટા છું. સુખ દુઃખના પ્રસંગે સમભાવે રહેવું-હર્ષ ખેદ ન કરવો-આકુળ વ્યાકુળ નહિ થતાં સમવૃત્તિ રાખવી એ મ્હારૂં કામ છે. હું સર્વકાળ સર્વત્ર એકલોજ છું, આ બધો કુટુંબાદિક મેળો કર્મ સંયોગે મળ્યો છે, અને સંયોગિક વસ્તુનો વિયોગ પણ થવો સહજ છે. તેમાં હર્ષ શોક શા માટે કરવો ? કર્તૃત્વ અભિમાન તજી સાક્ષી ભાવે જ સદા-સર્વદા રહેવામાં મજા છે.

૭-૮ સ્નેહભાવથી કોઇ સજ્જન લેખે અને દ્વેષ ભાવથી કોઇ દુર્જન લેખે પણ હું તે બંનેથી ન્યારો નિજ સ્વભાવમાં રહેનારો છું. ઇતિશમ્.

# ज्ञानसार सूत्र विवरणम्.

## परिग्रहाष्टकम् ( २५ )

( લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી. )

ગતાષ્ટકમાં કહ્યા પ્રમાણે શાસ્ત્ર સ્વરૂપ જાણ્યા પછી સુજ્ઞ મનુષ્ય અવશ્ય તદનુસાર વર્તન કરવા તત્પર થાય છે-તેવા વર્તનને અંગે પરિગ્રહ ત્યાગની ખાસ આવશ્યકતા છે. તેથી હવે પરિગ્રહનું ખરૂં સ્વરૂપ સમજાવે છે.

न परावर्त्तते राशेर्वक्रतां जातु नोज्झति ॥
परिग्रहग्रहः कोऽयं, विडंबितजगत्त्रयः ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—શાસ્ત્ર ઉપદેશ સાંભળી–સદ્દહીને તેમજ પરિગ્રહનું સ્વરૂપ સમજીને તેનો વિવેક ધારવો જરૂરનો છે. પ્રાયઃ પરિગ્રહજ પ્રાણીઓને પીડાવાનું કારણ છે. માટે તેનો અવશ્ય પરિહાર કરવો જોઇએ, તેજ વાત સ્ફુટ બતાવે છે. ત્રણે જગત્ના જીવોની વિવિધ પ્રકારે વિડંબના કરનાર પરિગ્રહ એવો તો આકરો ગ્રહ છે કે તે મૂલ રાશિથી બદલાતોજ નથી તેમજ વકતા પણ ત્યજતો નથી. ૧

परिग्रहग्रहावेशा–दुर्भाषितरजःकिरां ॥
श्रूयन्ते विकृताः किं न, प्रलापा लिंगिनामपि ॥ २ ॥

**ભાવાર્થ**—પરિગ્રહરૂપી પિશાચથી પરાભવ પામેલા લિંગધારી સાધુઓ પણ પોતાની ( સાધુ ) પ્રકૃતિને તજી જેમ તેમ લવતા ફરે છે, અનેક ઉન્માદ કરે છે, વેષ વિગોવણા કરે છે અને અંતે અધોગતિમાં જાય છે એ સર્વ પરિગ્રહનોજ પ્રભાવ સમજવો. ૨

यस्त्यक्त्वा तृणवद्बाह्य–मान्तरं च परिग्रहं ॥
उदास्ते तत्पदांभोजं, पर्युपास्ते जगत्त्रयी ॥ ३ ॥

**ભાવાર્થ** ધનધાન્યાદિક એ બાહ્ય પરિગ્રહ છે અને વેદોદયથી થતી વિષય–અભિલાષા, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, દુગંચ્છા, મિથ્યાત્વ અને કષાય એ અભ્યંતર પરિગ્રહ છે. તે બંને પરિગ્રહને તૃણની જેમ તજીને જે જગતથી ઉદાસી ( ન્યારા ) રહે છે, તેના ચરણકમળને જગત્ માત્ર પૂજે છે. પણ જે તે પરિગ્રહમાં મુંઝાઇ પરસ્પૃહા કરે છે તે તો જગત માત્રના દાસજ છે. મુર્છા–મમતાનેજ જ્ઞાની પુરૂષો પરિગ્રહ કહે છે. ૩

चित्तेऽन्तर्ग्रंथगहने, बहिर्निग्रंथता वृथा ॥
त्यागात्कंचुकमात्रस्य, भुजगो नहि निर्विषः ॥ ४ ॥

**ભાવાર્થ**—જેમ સર્પ કાંચલી ઉતારી નાંખવાથી નિર્વિષ થઇ જતો નથી તેમ બાહ્ય પરિગ્રહના ત્યાગ માત્રથી ખરૂં સાધુપણું પ્રાપ્ત થતું નથી. કેમકે વિવેક વિના ધન વિગેરે તજવા માત્રથી કાંઇ વિષય અભિલાષાદિક અંતર વિષ ટળી શકતું નથી, માટે મુમુક્ષુ જનોએ તો વિષય અભિલાષાદિક અંતર વિષ વારવા (ઉતારવા) પ્રથમ ખપી થવું જોઇએ. જ્યાં સુધી વિષયવાસના જાગૃત રહે છે, જ્યાં સુધી હાસ્યાદિક દોષોનું દીક્ષિત થયા છતાં છુટથી કુત્કલની જેમ સેવન કરાય છે, જ્યાં સુધી તત્વ–દૃષ્ટિ થવા પ્રયત્ન કરાતો નથી અને જ્યાં સુધી ક્રોધ, માન, માયા અને લોભનું સેવન છુટથી ર્યાં કરાય છે, ત્યાં સુધી સાધુપણું છેટુંજ રહે છે અને અંતર વિષ[1] ટલતાંજ સાધુપણું સંપજે છે. ૪

૧ મિથ્યાત્વ, વિષયાભિલાષ અને ક્રોધાદિક કષાયનું સેવન વિગેરે ( આત્માને મૂર્છિત કરનારા દોષો. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



त्यक्ते परिग्रहे साधोः, प्रयाति सकलं रजः ॥
पालित्यागे क्षणादेव, सरसः सलिलं यथा ॥ ५ ॥

ભાવાર્થ—જેમ સરોવરની પાળ તોડી નાંખવાથી માંહેનું સર્વ જળ ક્ષણ માત્રમાં બહાર વહી જાય છે, તેમ પરિગ્રહ મમતા તોડવાથી–મૂર્ચ્છાનો ત્યાગ કરવાથી સાધુના સર્વ કર્મમલનો ક્ષણવારમાં નાશ થઈ જાય છે. ગમે તેટલી કષ્ટકરણી કરતાં છતાં અંતરનો મેલ ધોવા માટે પરિગ્રહમમતા–મૂર્ચ્છાનો ત્યાગ કર્યા વિના શુદ્ધ થવાતું નથી. માટે મુમુક્ષુ જનોએ બાહ્ય અને અભ્યંતર ઉભય પરિગ્રહનો પરિહાર અવશ્ય કરવો ઘટે છે. ૫

त्यक्तपुत्रकलत्रस्य, मूर्च्छामुक्तस्य योगिनः ॥
चिन्मात्रप्रतिबद्धस्य, का पुद्गलनियंत्रणा ॥ ६ ॥

ભાવાર્થ—સ્ત્રી, પુત્ર, લક્ષ્મી વિગેરેના ત્યાગી, મુર્ચ્છા રહિત અને કેવળ જ્ઞાન ધ્યાનનાજ અભ્યાસી સાધુપુરૂષોને જડ–પુદ્ગલની શી પરવા હોય? પોતાનાં સ્ત્રી પુત્રાદિકને તજીને જો પુનઃ પરિગ્રહમમતાથી લોક સંગ (પરિચય) માં પડી જવાય, જેથી જ્ઞાન, ધ્યાન ન કરાય અને સંયમમાર્ગ સમ્યગ્ ન સેવાય પણ મુર્ચ્છા મમતાનીજ વૃદ્ધિ કરાય તો પ્રથમનાં સ્ત્રી પુત્રાદિકને તજીને શું કમાણા? એમ તો ઉલટી નવી ઉપાધિ વધારવાથી વિશેષે વિડંબનાપાત્રજ થવાનાં. તેમ ન થવા પામે એવું સતત લક્ષ સાધુઓએ રાખવુંજ જોઈએ. ૬

चिन्मात्रदीपको गच्छेद्, निर्वातस्थानसंनिभैः ॥
निष्परिग्रहतास्थैर्यं, धर्मोपकरणैरपि ॥ ७ ॥

ભાવાર્થ—જેમ વાયરા વિનાના સ્થળયોગે દીવો સ્થિર રહી શકે છે–બુઝાતો નથી તેમ ધર્મ–ઉપગરણોવડે સંયમયોગમાં–સ્થિરતા મેળવી નિષ્પરિગ્રહતા સાધી શકાય છે. ધર્મની વૃદ્ધિ કરનારાં ઉપયોગી સાધનજ ધર્મ–ઉપગરણ ગણાય છે. તેનો મમતારહિત ધર્મમાર્ગમાં ઉપયોગ કરનાર અક્ષય સુખનો અધિકારી થઈ શકે છે. પણ જો તેમાંજ ઉલટી મમતા રાખવામાં આવે તો તે ઉપગરણ કેવળ અધિકરણ (શસ્ત્ર) રૂપજ ગણાય. માટે મમતા રહિત જ્ઞાન દર્શન કે ચારિત્રનાં ઉપગરણોવડે આત્મ ઉપગારની સિદ્ધિ થાય તેમ યત્નથી પ્રવર્તવું જોઈએ. ઉચિત વિવેકથી ધર્મ ઉપગરણને સેવનારને ધર્મની વૃદ્ધિજ થાય છે. પણ જો તેમાં વિવેકની ખામીથી ઉલટી મમતા રાખવામાં આવે તો તેથી ધર્મની વૃદ્ધિને બદલે હાનિજ થવાનો પ્રસંગ આવે છે. માટે રાખવામાં આવતાં ધર્મોપગરણોનું જેમ સાર્થકપણું થાય તેમ વિવેકથીજ વર્તવું યુક્ત છે. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मूर्च्छाछन्नधियां सर्वं, जगदेव परिग्रहः ॥
मूर्च्छया रहितानां तु, जगदेवाऽपरिग्रहः ॥ ८ ॥

**ભાવાર્થ**—આવાં કારણુસર શાસ્ત્રકાર કહે છે કે, મુર્છાવડે જેની બુદ્ધિ અંજાઇ ગઇ છે તેને આખું જગત પરિગ્રહરૂપજ છે, અને જે મહાત્માએ મુર્ચ્છા (મમતા) ને સમુલગી મારી કાઢી છે, તેને તો જગતમાં જરા પણ પરિગ્રહનો લેપ લાગતોજ નથી. આ ઉપરથી પરિગ્રહ-મૂર્ચ્છા ઉતારવી કેટલી કઠણ છે તથા મુર્ચ્છા ઉતાર્યાથી પરિણામે કેટલું બધું સુખ થાય છે, તેનું સહજ ભાન થઇ શકે છે. ગમે એવું દુષ્કર કાર્ય પણ પુરૂષાર્થથી સાધી શકાય છે. એમ સમજી મુમુક્ષુ જનોએ કાયરતા તજી પરિગ્રહનો પ્રસંગ તજવા દરેક પ્રયત્ન કરવો ઘટે છે. ૮.

**વિવેચન**—આ અષ્ટકના વિવેચનમાં વધારે લખવાની અપેક્ષા રહેતી નથી કારણકે તેના ભાવાર્થમાં જોઇતો વિસ્તાર કરવામાં આવ્યો છે છતાં યત્ કિંચિત્ સ્ફુરણા થવાથી કાંઇક વિવેચન લખવામાં આવેલ છે.

**ધન** તે રોકડ નાણું, **ધાન્ય**-અનેક પ્રકારનું અનાજ, **ક્ષેત્ર**-તે ઘર, હાટ, વાડી, બાગ, બગીચા અથવા ખેતીની જમીન વિગેરે, **વસ્તુ**-ઘર વપરાશની અનેક પ્રકારની વસ્તુઓ ( ઘરવકરીની ચીજો ), **રૂપું** અને **સોનું** અથવા તેના ઘડાવેલાં આભૂષણો, **કુપદ** તે ત્રાંબું પીતળ વિગેરે ધાતુઓ અથવા તેના બનેલાં વાસણો વિગેરે, **દ્વિપદ**-નોકર, ચાકર, દાસ, દાસી વિગેરે, **ચતુષ્પદ** તે ગાય, ભેંશ, ઘોડા, હાથી વિગેરે-આ નવ પ્રકારનો પરિગ્રહ મુખ્ય વૃત્તિએ કહેલો છે. એમાં તમામ પ્રકારની વસ્તુઓનો સમાવેશ થઇ જાય છે. આ પરિગ્રહમાં ગ્રહ શબ્દ હોવાથી તેને એક પ્રકારના ગ્રહની ઉપમા આ અષ્ટકના પ્રથમના શ્લોકમાં કર્ત્તાએ આપીછે.

કર્ત્તા કહે છે કે-" આ પરિગ્રહરૂપ ગ્રહ કોઇ નવીન પ્રકારનો છે. કારણકે બીજા સૂર્ય ચંદ્રાદિ ગ્રહો તો રાશિથી પરાવર્તન પામ્યા કરે છે પણ આ તો ગમે તેટલી રાશિ( દ્રવ્યના ઢગલા ) ભેળી થાય તોપણ પરાવર્તન ભાવ પામતો નથી; એની તૃષ્ણા તો વૃદ્ધિ પામતીજ રહે છે. વળી બીજા ગ્રહો તો વક્ર ગતિમાં આવે ત્યારે માર્ગ બદલેછે. પરંતુ આ ગ્રહ તો દ્રવ્યાદિકની વૃદ્ધિ થયાં છતાં પણ વક્રતાને તજતો નથી, ઉલટી વક્રતા વૃદ્ધિ પામેછે. વળી અન્ય મંગળ શનિ વિગેરે ક્રૂર કહેવાતા ગ્રહો પણ સર્વને સરખી રીતે પીડા કરતા નથી; કેટલાકને તો અનુકૂળ થાયછે તો અનેક પ્રકારનું સુખ આપેછે. પરંતુ આ પરિગ્રહરૂપ ગ્રહે તો આખા જગતને વિડંબનાજ પમાડી છે. એણે કોઇને સુખી થવા દીધેલ નથી; ખરા સુખી તો જ્યારે એને તજે છે ત્યારેજ થઇ શકે છે. આટલા કારણોથી આ પરિગ્રહરૂપી ગ્રહ કોઇ અભિનવગ્રહ છે. " ૧

વળી એ ગ્રહના આવેશથી આવેશિત થયેલા ઘણા લિંગધારીઓ-વેષધારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાવા, જોગી, અતીત, સાધુ, સન્યાસી તેમજ જતિ વિગેરે અનેક પ્રકારના દુર્ભાષિતનું ભાષણ કરે છે. અને અણછાજતા પ્રલાપો કરી ધૂળ ઉડાવે છે. આ ગ્રહનો આવેશ અત્યંત બૂરો છે. ૨

આ બાહ્ય પરિગ્રહની વાત થઇ પણ તે સાથે બીજો અભ્યંતર પરિગ્રહ પણ છે કે જેને આ બાહ્ય પરિગ્રહ સહાયક થાય છે. તે અભ્યંતર પરિગ્રહ ૧૪ પ્રકારનો છે. ત્રણ વેદ, હાસ્યાદિ ષટ્ક, મિથ્યાત્વ ને ૪ કષાય. આ અભ્યંતર પરિગ્રહ તો વળી બાહ્ય પરિગ્રહ કરતાં પણ વધારે ઉપદ્રવકારી છે. અનંત ભવ પર્યંત-અનંતો કાળ આ સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે. એ બંને પ્રકારના પરિગ્રહને જે તૃણવત્ ત્યજી દેય છે તેજ મહા પુરૂષ જગતને પૂજનિક છે. બાકી બાહ્ય કે અભ્યંતર પરિગ્રહવાળા જગતને પૂજવા યોગ્ય નથી. ૩

જયાં સુધી ઉપર જણાવેલો અભ્યંતર પરિગ્રહ એવોને એવો હોય-તેમાં કાંઇ પણ ખંડના થઇ ન હોય-તેને ઓછો કરવાનો પ્રયત્ન કર્યો ન હોય ત્યાંસુધી બાહ્ય પરિગ્રહ કદિ સર્વથા તજી દેય તો પણ તેનો તે ત્યાગ વૃથા છે. કેમકે સર્પ કાંઈ બહારની કાંચળી છોડી દેવાથી નિર્વિષ થતો નથી, પરંતુ તેના મુખ માંહેની ઝેરી દાઢ જો પાડીને કાઢી નાખવામાં આવે તો પછી નિર્વિષ થઇ જાય છે. તે પ્રમાણે બાહ્ય પરિગ્રહ તજો કે ન તજો પણ અભ્યંતર પરિગ્રહ-ઉપર જણાવેલા વિષય કષાય ને મિથ્યાત્વ રૂપ છે તેને તજો તો પછી તમારૂં પ્રાણહારક વિષ ગયું એટલે પછી બાહ્ય પરિગ્રહ છુટીજ જશે. તે રહેવાનોજ નથી. અને કદિ અલ્પ કાળ રહે તો પણ ઝેરી દાંત વિનાના સર્પના ડંશની જેમ તે વિકાર કરવાનો નથી. ૪

જેમ મહાન સરોવરની પાળ તુટી જવાથી અથવા તોડી નાખવાથી અંદર રહેલ તમામ પાણી વહી જાય છે તેમ પરિગ્રહરૂપી પાળ તુટી તો પછી આત્માની અંદર કર્મરૂપી જળ રહી શકતું નથી-તે સ્વયમેવ ખાલી થઇ જાય છે. તેને રોકનાર પરિગ્રહ પરની મમતારૂપ પાળજ છે. જ્યાંસુધી મમતાભાવ છે ત્યાંસુધી કર્મ રૂપી જળ અવિચ્છિન્ન ભરેલુંજ રહે છે. તેથી મમત્વભાવ તજવાની ખાસ આવશ્યકતા છે. ૫

જે યોગી પુરૂષ સ્ત્રી પુત્ર પરિવારાદિ ઉપરની મૂર્છા કે જે એક પ્રકારનો પરિગ્રહજ છે તેને ત્યજી દેય છે-મમતાનો સંગ છોડેછે અને માત્ર જ્ઞાન ધ્યાનમાંજ નિમગ્ન થઇ જાય છે-તેમાંજ લીનતાવાળા થાય છે તેને પછી બાહ્ય પુદ્ગળની નિયંત્રણા શું કરી શકે? કાંઇ કરી ન શકે. તેને તે નિયંત્રણા નિયંત્રણા રૂપજ રહેતી નથી; તેનું સ્વરૂપજ પલટાઇ જાય છે. તેને તો સર્વત્ર સમભાવ પ્રાપ્ત થાય છે એટલે સ્વપરનો ભેદ ટળી જવાથી નિયંત્રણાનું સમૂળ ઉન્મૂલન થાય છે. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવા મહાપુરૂષના આત્મામાં પ્રગટેલો જ્ઞાનરૂપ દિપક નિષ્પરિગ્રહતા રૂપ સ્થિરતાને પામે છે. તે વખતે અનેક પ્રકારના ધર્મોપકરણો પણ તેને બાધ કરતા નથી. ઉલટા તે મદદગાર થાય છે અને નિર્વાત એટલે પવન વિનાના સ્થાનની ગરજ સારે છે. મમતાપણાને અંગે આત્માને બાધકારી હોય છે તેજ સમતાપણાને અંગે સાધનભૂત થઇ પડે છે. એક અપેક્ષાએ જે ઉપકરણ છે તેજ બીજી અપેક્ષાએ અધિકરણ થઇ પડે છે, પરંતુ જે તેને ઉપકરણપણેજ ઉપયોગમાં લેય છે તેને તે ચારિત્ર આરાધનમાં સહાયક થઇ પડે છે. કિંચિત્ પણ હાનિકારક થતા નથી. ૭

આ જગતમાં અનેક પ્રકારના પદાર્થો રહેલા છે. તેમાંના અમુક અમુક પદાર્થોની ઉપર મમતા ભાવને લઈને પ્રાણીઓ પોતાનું સ્વામીપણું માને છે એટલે તેના ઉપરની મૂર્છા છે તેજ પરિગ્રહ છે. બાકી સ્વામીપણું માનવા કે ન માનવાથી વસ્તુનું સ્વરૂપ કાંઇ બદલાતું નથી. પરમાત્માએ એટલાજ કારણથી વસ્તુને પરિગ્રહ કહેલ નથી, પણ તેના પરની જે મૂર્છા–મમતા–મારાપણાની બુદ્ધિ તેજ પરિગ્રહ છે એમ કહેલ છે. અહીં પણ કર્ત્તા કહે છે કે જેની બુદ્ધિ મૂર્છાવડે આચ્છાદિત થયેલી છે તેને જગત્ બધું પરિગ્રહરૂપ છે અને જેની બુદ્ધિમાંથી મૂર્છા નાશ પામી છે–કોઇ પણ વસ્તુ ઉપર–યાવત્ પોતાના શરીર ઉપર પણ મૂર્છા નથી તેને આ જગત બધું અપરિગ્રહ રૂપ છે. તેને જગતની કોઇપણ વસ્તુ આત્મ સંપત્તિ મેળવવામાં–તેને પ્રકટ કરવામાં બાધ કરતી નથી. ૮. આ પરિગ્રહને અપરિગ્રહનું છેવટે બતાવેલું સ્વરૂપ ખાસ ધ્યાનમાં રાખવા લાયક છે.

કર્ત્તાએ આ અષ્ટકમાં પરિગ્રહના સ્વરૂપને બહુ સ્ફુટ કરેલું છે. તેમની કરેલી અઢાર પાપ સ્થાનકોની સઝાયો પૈકી પાંચમી પરિગ્રહની સઝાયમાં આ અષ્ટકના પ્રથમના બે શ્લોકના ભાવાર્થવાળી બે ગાથાઓ નીચે પ્રમાણે મૂકેલી છે.

**નવી પલટાયે રાશિથી, માર્ગી કદિ ન હોય; સલુણે!**
**પરિગ્રહ ગ્રહછે અભિનવો, સહુને દીયે દુઃખ સોય. સલુણે!**
**પરિગ્રહ ગ્રહ વશે લિંગીયા, લેઈ કુમતરજ શીશ; સલુણે!**
**જિમ તિમ જગ લવતા ફરે, ઉન્મત્ત હોય નિશદિશ. સલુણે!**
**પરિગ્રહ મમતા પરિહરો.**

આ અષ્ટકની સાથે આ પાંચમી સઝાય પણ મનન કરવા લાયક છે. તેમાં પણ કર્ત્તાએ બહુ ઉત્તમ ભાવ પ્રદર્શિત કર્યો છે. અત્ર સ્થળ સંકોચના કારણથી તે દાખલ કરવામાં આવેલ નથી.

ઉપર જણાવેલા વિવેચન તરફ વાંચકોનું ફરી ધ્યાન ખેંચીને આ ટુંક વિવેચન સમાપ્ત કરવામાં આવે છે. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पापस्थानक अढारमुं ( मिथ्यात्व शल्य ).

( સર્વથી ઉત્કૃષ્ટ પાપનિમિત્ત ).

ઉત્સર્પિણી અવસર્પિણી આરા—એ દેશી.

અઢારમું જે પાપનું સ્થાનક, તે મિથ્યાત્વ પરિહરીએજી,
સત્તરથી પણ તે એક ભારી, હોયે તુલાએ ધરીએજી;
કષ્ટ કરો પરેપરે દમો અપ્પા[1], ધર્મ અર્થ ધન ખરચોજી,
પણ મિથ્યાત્વ છતે તે જૂઠું, તિણે તેહથી તુમે વિરચોજી. ૧.
કિરિયા કરતો ત્યજતો પરિજન, દુ:ખ સહેતો મન રીઝેજી,
અંધ ન જીતે પરની સેના, તિમ મિથ્યા દષ્ટિ નવિ સીઝેજી;
વીરસેન શૂરસેન દષ્ટાંતે, સમકિતની નિર્યુક્તેજી,
જોઇને ભલી પરે મન ભાવો, એહ અર્થ વર યુક્તેજી. ૨.
ધમ્મે અધમ્મ અધમ્મે ધમ્મહ, સન્ના મગ્ગ ઉમગ્ગાજી,
ઉન્માર્ગે મારગની સન્ના, સાધુ અસાધુ સંલગ્ગાજી;
અસાધુમાં સાધુની સન્ના, જીવ અજીવ જીવ વેદાજી,
મુત્તે અમુત્ત અમુત્તે મુત્તહ, સન્ના એ દશ ભેદાજી. ૩.
અભિગ્રહિક નિજનિજ મતે અભિગ્રહ, અનભિગ્રહિક સહુ સરિખાજી,
અભિનિવેશી જાણતો કહે જૂઠું, કરે ન તત્ત્વ [2]પરિખ્ખાજી;
સંશય તે જિનવચનની શંકા, અવ્યકતે અનાભોગાજી,
એ પણ પાંચ ભેદ છે વિશ્રુત[3], જાણે સમજુ લોગાજી. ૪.
લોક લોકોત્તર ભેદે ષટ વિધ, દેવ ગુરૂ વળી પર્વજી,
શકતેં તિહાં લૌકિક ત્રણ આદર, કરતાં પ્રથમ નિગર્વજી;
લોકોત્તર દેવ માને નીયાણે, ગુરૂ તે લક્ષણ હીણાજી,
પર્વનિષ્ઠે ઇહ લોકને કાજે, માને ગુરૂ પદ લીનાજી. ૫.
એમ એકવીશ મિથ્યાત્વ તજે જે, ભજે ચરણ ગુરૂકેરાજી,
સજે ન પાપે રજે ન રાખે, મત્સર દ્રોહ અનેરાજી;
સમકિત ધારી શ્રુત આચારી, તેહની જગ બલિહારીજી,
શાસન સમકિતને આધારે, તેહની કરો મનોહારીજી. ૬.
મિથ્યાત્વ તે જગ પરમ રોગ છે, વળી ય મહા અંધકારોજી,
પરમ શત્રુ ને પરમ શસ્ત્ર તે, પરમ નર્ક સંચારોજી;
પરમ દોહગ[4] ને પરમ દરિદ્ર તે, પરમ સંકટ તે કહીએજી,
પરમ કંતાર પરમ દુર્ભિક્ષ તે, તે છાંડે સુખ લહીએજી. ૭.
જે મિથ્યાત્વ લવલેશ ન રાખે, સુધો મારગ ભાખેજી,

૧ આત્મા. ૨ પરીક્ષા. ૩ વિખ્યાત—પ્રસિદ્ધ. ૪ દૌર્ભાગ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સમકિત સુરતરૂ ફળ ચાખી, રહે વળી અણીએ આખેજી;
મ્હોટાઈ શી હોય ગુણ પાખે, ગુણ પ્રભુ સમકિત દાખેજી,
શ્રીનયવિજય વિબુધ પય સેવક; વાચક જસ ઇમ આખેજી. ૮.

હે ભવ્ય જનો ! મિથ્યાત્વ નામનું અઢારમું પાપસ્થાનક એવડું ભારે છે કે એક તરફ બીજા ૧૭ પાપસ્થાનક રાખ્યાં હોય અને બીજી તરફ મિથ્યાત્વ રાખ્યું હોય તો તેમાં મિથ્યાત્વ વધી જાય છે. ચ્હાય તેટલું કષ્ટ સહો–અનેક રીતે દેહનું દમન કરો તેમજ ધર્મને માટે ધન ખરચો પણ જ્યાંસુધી તમે મિથ્યાત્વ સેવો છો ત્યાં સુધી તે બધું મિથ્યા–ફોગટ છે; માટે મિથ્યાત્વ નામના મહા પાપસ્થાનક થકી તમે પાછા ઓસરો ! ૧.

કેશલોચ, ભૂમિશયન અને ભિક્ષાભોજન પ્રમુખ કઠણ કરણી કરતો અને અનેક રીતે કોઇની પણ આશા રાખ્યા વગર એકાકી સઘળાં કષ્ટ સહન કરતો છતો પણ મિથ્યા–દૃષ્ટિ જીવ મોક્ષનો અધિકારી થતો નથી. વિવેક વગરની–અંધના જેવી તેની કરણી લેખે પડતી નથી. આ અધિકારે શાસ્ત્રમાં કહેલું **વીરસેન** અને **શુરસેનનું** દૃષ્ટાંત ભલી પેરે વિચારી તમે મિથ્યાત્વ વાસના તજી શુદ્ધ સમકિતનું સેવન કરો. ૨.

તે મિથ્યાત્વના જૂદા જૂદા પ્રકાર શાસ્ત્ર અનુસારે પૂજ્યશ્રી જણાવે છે. ૧ ધર્મમાં અધર્મ બુદ્ધિ. ૨ અધર્મમાં ધર્મબુદ્ધિ, ૩ સન્માર્ગમાં ઉન્માર્ગ બુદ્ધિ, ૪ ઉન્માર્ગમાં સન્માર્ગ બુદ્ધિ, ૫ સાધુમાં અસાધુ બુદ્ધિ, ૬ અસાધુમાં સાધુ બુદ્ધિ, ૭ જીવમાં અજીવ બુદ્ધિ, ૮ અજીવમાં જીવ બુદ્ધિ, ૯ મૂર્તમાં અમૂર્ત બુદ્ધિ, ૧૦ અમૂર્તમાં મૂર્ત બુદ્ધિ, ( મુક્તમાં અમુક્ત બુદ્ધિ, અને અમુક્તમાં મુક્ત બુદ્ધિ એમ પણ કહેલું છે. જે જીવો વાસ્તવિક કર્મશ્રેણીથી વિમુક્ત થયા છે તેને અમુક્ત માનવા અને જેઓ હજુ કર્મથી આવૃત્ત છે એવા અમુક્તને મુક્ત માનવા એ મિથ્યાત્વનોજ પ્રકાર છે.) એ મિથ્યાત્વની દશ સંજ્ઞા કહી છે. ૩.

પોતપોતાના મતને આગ્રહ સહિત સાચો માનવા રૂપ **અભિગ્રહિક**, બધા મતોને સરખા કરી લેખવારૂપ **અનભિગ્રહિક**, જાણી જોઇને જૂઠું સ્થાપવા રૂપ **આભિનિવેશિક**, જગત ઉપકારી સર્વજ્ઞ સર્વદર્શી જિનેશ્વર પ્રભુના વચનમાં શંકા કરવારૂપ **સાંશયિક** અને એકેંદ્રિય પ્રમુખને જે અવ્યક્ત મિથ્યાત્વ તે **અનાભોગિક**. એમ મિથ્યાત્વના પાંચ પ્રકાર પણ પ્રસિદ્ધ કહેલા છે. ૪.

વળી **લૌકિક** દેવ, ગુરૂ અને પર્વગત તેમજ **લોકોત્તર** દેવ, ગુરૂ અને પર્વગત એમ છ પ્રકાર પણ મિથ્યાત્વના કહ્યા છે. લૌકિક દેવ હરિહરાદિક, લૌકિક ગુરૂ સંન્યાસી પ્રમુખ અને લૌકિક પર્વ હોળી, બળેવ, નવરાત્રી પ્રમુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજવા. લોકોત્તર દેવ તીર્થંકર સિદ્ધ ભગવાન તેની માનતા માનવી, લોકોત્તર ગુરૂ-ઉત્તમ આચાર્ય-ઉપાધ્યાય તથા સાધુજનોને આ લોક પરલોકના સુખની ઈચ્છાથીજ સેવવા. વળી યથાર્થ ગુણ રહિત ( લક્ષણ હીન ) વર્તતા હોય તેમ છતાં તેમને ઉત્તમ લેખવવા. અને આઠમ, ચઉદશ, પર્યુષણ, દીવાળી પ્રમુખ લોકોત્તર પર્વને કેવળ આ લોકના સુખનીજ ઇચ્છાથી સેવવા. તે સર્વ મિથ્યાત્વ રૂપ હોવાથી બંને મળીને મિથ્યાત્વના છ પ્રકાર થાય છે. ૫.

ઉપર જણાવેલા બધા પ્રકાર મેળવતાં મિથ્યાત્વના ૨૧ ભેદ થાય છે. તે તમામનો ત્યાગ કરી સદ્ગુરૂ ( શુદ્ધ ઉપદેશક ) ના ચરણ કમળને જે સેવે, પાપબુદ્ધિનો પરિહાર કરે, તેમજ ઈર્ષા અદેખાઇ અને પરદ્રોહાદિક ન કરે, એવી રીતે યથાશ્રુત સદાચરણ સેવે તેવા સમકિતવંત જનોની બલિહારી છે. શુદ્ધ દેવ, ગુરૂ ધર્મમાં શ્રદ્ધાન રૂપ સમકિતજ સકળ ધર્મનો મૂળ પાયો છે એમ સમજી જેમ બને તેમ તેની આરાધના કરો-વિરાધના નજ કરો. ૬.

ઉપર જેના અનેક પ્રકાર જણાવ્યા છે તે વિપરીત વાસના રૂપ મિથ્યાત્વ પરમ રોગરૂપ છે, મહા અંધકારરૂપ છે, પરમ શત્રુરૂપ છે, પરમ શસ્ત્રરૂપ છે, તેમજ પરમ નરક, પરમ દાૈર્ભાગ્ય, પરમ દરિદ્ર, પરમ સંકટ, પરમ દુર્ભિક્ષ, અને પરમ ( ભયંકર ) અટવી સમાન છે. તેનો ત્યાગ કરવાથીજ સર્વ સુખ સંપજે છે. ૭.

જે ભવભીરૂ સજ્જન લવલેશ પણ મિથ્યાત્વ સેવે નહિ, અન્ય આત્માર્થી જનોને શુદ્ધ ( સાચો ) હિત-માર્ગ બતાવે તે આખી આણીયે રહી એટલે શ્રી જિનેશ્વર પ્રભુની પવિત્ર આજ્ઞાનું અખંડ આરાધન કરીને **સમકિત** ( શુદ્ધ તત્વ શ્રદ્ધાન ) રૂપ કલ્પતરૂનાં ઉત્તમ ફળને ચાખી શકે છે એટલે તે અનુક્રમે દેશ વિરતિ ધર્મ અને સર્વ વિરતિ ધર્મનું યથાવિધ આરાધન કરી જન્મ મરણનાં અનંતા દુઃખમાંથી સર્વથા મુક્ત થઈ મુક્તિપદ પામી શકે છે. વળી વિવેકથી વિચાર કરી જોતાં સહેજે સમજી શકાય તેવું છે કે સદ્ગુણ વગર આપણામાં ગુરૂતા-મોટાઇ શી રીતે આવે? આત્માના અનંત ગુણોમાં **જિનેશ્વર ભગવાને સમકિત ગુણનેજ મુખ્ય કહેલો છે.** એમ પંડિત શ્રી નયવિજયજી મહારાજના શિષ્ય શ્રી **યશોવિજયજી** મહારાજ કહે છે. એ ઉત્તમ સિદ્ધાંત સહુ ભવ્યાત્માઓનાં હ્રદયમાં નિવસો. ઇતિશમ્. **મુ. ક. વિ.**

**વિવેચન**-આ પાપસ્થાનક એવા પ્રકારનું છે કે તેને માટે જેટલું વિવેચન લખીએ તેટલું લખી શકાય. ઉપર ભાવાર્થ લખતાં શબ્દાર્થથી વિશેષ બહુ ઓછું લખવામાં આવ્યું છે. આ પાપસ્થાનકનો વ્યવહારિક રીતે તોલ કરવામાં આવે તોપણ સત્તર પાપસ્થાનકો કરતાં આ પાપસ્થાનક વધી જાય તેવું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તેનું કારણ જ્યાંસુધી મિથ્યાત્વ હોય છે ત્યાંસુધી બીજા કોઈ પણ ગુણસ્થાનક ફરસતા નથી. મિથ્યાત્વ નાશ પામે ને સમકિતની પ્રાપ્તિ થાય ત્યારપછી એકડા ઉપરની સંખ્યા જેમ બધી વૃદ્ધિકારક થાય તેમ સર્વ ધર્મકરણી લેખે લાગે છે. એટલે મિથ્યાત્વ છતાં જે જે ધર્મકરણી કરવામાં આવે તે સર્વ ઇહલૌકિક સુખાદિના નિમિત્તભૂત થાયછે; પરંતુ મોક્ષસુખના હેતુભૂત થતી નથી અને સમકિત પામ્યા પછીની સર્વ ધર્મકરણી મોક્ષના હેતુભૂત થાય છે. સમકિતી જીવ ઇહલોકના સુખની ઇચ્છાએ-પૌદ્ગલિક સુખની વાંછાએ કોઈપણ ધર્મકરણી કરતોજ નથી. તેને ધર્મનું રહસ્ય ખરૂં સમજાયું હોય છે-જડ ચૈતન્યનો ભેદ પડેલો હોય છે તેથી તે સંસારને ખરેખરા બંધનરૂપ સમજે છે, એટલે તેની વૃદ્ધિ થાય તેવાં પગલાં તે કદાપિ ભરતોજ નથી. આ કારણથીજ કર્તા મહાપુરૂષ કહે છે કે 'તમે ગમે તેટલું કષ્ટ કરો, અનેક પ્રકારે આત્માને દમો, ધર્મકાર્યમાં પુષ્કળ દ્રવ્યનો વ્યય કરો પણ જો મિથ્યાત્વ હાજર છે તો તે બધું નિષ્ફળ છે; માટે તમે તે મિથ્યાત્વથી છુટા પડો-તેનો સંગ છોડો.' ૧

અનેક પ્રકારની ક્રિયા કરો, સ્વજન સંબંધીનો સંગ ત્યજી દ્યો, ચારિત્ર પાળો, પણ જો અંદર મિથ્યાત્વનો વાસ છે તો તે બધું વાસ્તવિક ફળદાતા ન હોવાથી નિષ્ફળ છે. એ બધી ક્રિયા અંધની દોડાદોડ જેવી છે. આંધળો માણસ ગમે તેટલી દોડાદોડ કરે પણ વાંછિત સ્થાનક પામી શકે નહીં તેમ મિથ્યાત્વયુક્ત દ્રવ્ય ચારિત્રાદિકથી મોક્ષપ્રાપ્તિ કદાપિ થઇ શકે નહીં. આ પ્રસંગ ઉપર **વીરસેન ને શૂરસેનનું** દૃષ્ટાંત છે તે અહીં ટુંકામાં લખીએ છીએઃ—

"એક રાજાને વીરસેન ને શૂરસેન નામના બે પુત્રો હતા, તેમાં વીરસેન જન્માંધ હતો. તે બંને પુત્રો અધ્યાપક પાસે અભ્યાસ કરવા ગયા. ત્યાં બીજી ઇંદ્રીઓ તીવ્ર હોવાથી વીરસેન યુદ્ધને લગતી કેટલીક કળાઓ શીખ્યો. અન્યદા એક રાજાનું સૈન્ય તેના રાજ્ય પર ચડી આવ્યું. તેની સામે યુદ્ધ કરવા જવા માટે વીરસેને આગ્રહ કર્યો. તેના પિતાએ નિવાર્યો છતાં તે ગયો. તેણે અનેક પ્રકારની કળાવડે યુદ્ધ કર્યું પણ નેત્ર ન હોવાથી દુષ્મન રાજાએ તેને જાણે તેમ પાછળથી આવીને તેને પકડી લીધો. તે ખબર સાંભળી પિતાની આજ્ઞાથી શૂરસેન લડવા ગયો, તેણે યુદ્ધ કરી દુષ્મન રાજાને જીત્યો અને વીરસેનને પાછો લઇ આવ્યો." આ દૃષ્ટાંત ઉપરની હકીકત સાથે ઘટાવવું. ૨

હવે મિથ્યાત્વના ૨૧ પ્રકારો પૈકી પ્રથમ સંજ્ઞા આશ્રી દશ ભેદ કહે છે. સંજ્ઞા મિથ્યાત્વ એટલે વસ્તુ અમુક છતાં તેને બીજા રૂપમાં કહેવી માનવી તે.

૧ ધર્મ—જ્ઞાન દર્શન ચારિત્રાદિ, તેને **અધર્મ** માનવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ **અધર્મ**—હિંસા. અસત્ય, મૈથુનાદિ તેમાં **ધર્મ** માનવો. યજ્ઞ યાગાદિમાં તેમજ કન્યાદાનાદિમાં જે પુન્ય માનવામાં આવે છે તેનો આ પ્રકારના મિથ્યાત્વમાં સમાવેશ થાય છે.

૩ **સન્માર્ગ**—શ્રાવક ને સાધુના વ્રત નિયમાદિ તેને **ઉન્માર્ગ** માનવો તે.

૪ **ઉન્માર્ગ**—કાય કલેશ, કંદમૂળ ભક્ષણ, રાત્રી ભોજનાદિ, તેને **માર્ગ** માનવો તે.

૫ **અસાધુ**—કંચન કામિનીના ભોગી, સંસારમાં આસક્ત એવાઓ, તેને **સાધુ** માનવા તે.

૬ **સાધુ**—કંચન કામિનીથી ન્યારા, પંચ મહાવ્રતધારી મુનિરાજને **અસાધુ** માનવા તે.

૭ **જીવ**—ચેતના લક્ષણવાળાને **અજીવ** માનવો. પંચમહાભૂતનું કાર્ય માનવું. જીવનું અસ્તિત્વજ ન માનવું તે.

૮ **અજીવ**—પૌદ્ગળિક પદાર્થોને કોઈ કારણને લઇને તેમાં વૃદ્ધિ, હાનિ થતી દેખી **જીવરૂપ** માનવા તે.

૯ **મૂર્ત્ત**—એટલે મુર્તિમાન્-રૂપી એવા કર્મ વિગેરેને **અમૂર્ત્ત** માનવા તે.

૧૦ **અમૂર્ત્ત**—જીવ આકાશ વિગેરેને **મૂર્ત્ત** માનવા તે. અથવા **મુક્ત** જે સર્વ કર્મોને ખપાવી મોક્ષને પ્રાપ્ત થયેલા સિદ્ધ તેને **અમુક્ત** માનવા અને **અમુક્ત**-જે હરિહરાદિ-ખરી મુક્તિને નહીં પામેલા-સંસારમાં જન્માદિ ધારણ કરવાવાળા તેમને **મુક્ત** માનવા તે.

આ દશ પ્રકાર મિથ્યાત્વની સંજ્ઞાને આશ્રીને છે.

હવે બીજા મિથ્યાત્વના મુખ્ય પાંચ ભેદો જે છે તે કહે છેઃ—

૧ **અભિગ્રહિક**—પોતપોતાના મતનો આગ્રહ-અમે ગ્રહણ કર્યો છે તે મતજ-ધર્મજ સાચો છે, બીજા બધા ખોટા છે. એવો આગ્રહ જૈનધર્મીને જૈન ધર્મ પ્રત્યે એવો આગ્રહ હોય તો તે મિથ્યાત્વ ગણાતું નથી, પરંતુ ત્યાં આગ્રહ હોતોજ નથી. ત્યાં તો જે સર્વદોષ રહિત હોય તે **દેવ**, જે કંચન કામિનીના ત્યાગી, ગુરૂના ગુણે સંયુક્ત હોય તે **ગુરૂ** અને જે દયા સંયુક્ત હોય અને અધર્મના કોઇ પણ પ્રકારનો જેમાં સમાસ ન હોય તે **ધર્મ**. આમ ખુલ્લી માન્યતા હોય છે, ત્યાં અમુકજ દેવ, અમુકજ ગુરૂ, એવો ખોટો આગ્રહ હોતો નથી-તેને તો ગુણની સાથેજ સંબંધ હોય છે.

૨ **અનભિગ્રહિક**—બધા ધર્મ સારા, બધાને માનીએ, કોઇને નિંદીએ નહીં, બધા દેવને પગે લાગીએ, બધા ગુરૂની ભક્તિ કરીએ. આવી માન્યતાવાળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન્યતા તે અનભિગ્રહિક મિથ્યાત્વ છે. કારણકે તેને સુવર્ણ કે લોહની પરીક્ષાજ પડી નથી અને ગોળખોળ બંનેને તે સરખા ભક્ષ્ય માને છે.

૩ **આભિનિવેશિક**—આમાં સત્ય માર્ગ જાણ્યા છતાં કોઈ પ્રકારનો આગ્રહ પડી જવાથી અસત્ય માર્ગની-અસત્ય હકીકતની પ્રરૂપણાનું કરવાપણું છે. આ મિથ્યાત્વ બહુજ નેષ્ટ છે. જાણી બુજીને અસત્ય પ્રરૂપણા કરનાર સમજાવ્યો સમજતો નથી. કેમકે તેને તો સમજવુંજ નથી. જેમ વર્તમાન કાળે કેટલાક ઢુંઢક પંથી સાધુઓ શાસ્ત્રાધારથી જિનપ્રતિમાને પૂજનિક વંદનિક જાણે છે-માને છે, છતાં પોતાના કુમાર્ગને ત્યજી શકતા નથી તેમ સમજવું.

૪ **સાંશયિક**—જિન વચનમાં શંકા કરવી તે. શંકાના બે પ્રકાર છે. એક મિથ્યાત્વરૂપ શંકા છે કે જેમાં આમ સર્વજ્ઞે કહ્યું છે પણ તે તો કાંઈ સત્ય લાગતું નથી. આવી વિચારણા હોય છે. બીજી શંકા ખરૂં તત્ત્વ સમજવાની આકાંક્ષા રૂપ છે. તેમાં પોતાના અલ્પજ્ઞપણાથી અમુક વાત બરાબર સમજાતી નથી તેથી તે ગીતાર્થ ગુરૂ પાસે સમજવા યોગ્ય છે. એવા પ્રકારની વિચારણા છે. આ શંકા મિથ્યાત્વ રૂપ નથી.

૫ **અનાભોગિક**—અવ્યક્ત એવા એકેંદ્રિયથી આરંભીને અસંજ્ઞી પંચેંદ્રિય સુધીના જીવોને મિથ્યાત્વ હોય છે તે.

આ પાંચ ભેદો કર્મબંધના મુખ્ય અનાદિકાળથી ચાલ્યા આવતા હેતુ તરિકે પ્રસિદ્ધ છે.

હવે લૌકિક ને લોકોત્તર દેવગત, ગુરૂગત ને પર્વગત મિથ્યાત્વ કહે છે.

૧ **લૌકિકદેવગત** મિથ્યાત્વ-રાગ દ્વેષ મોહાદિ દોષવાળા હરિ હરાદિ દેવોને દેવ તરિકે માનવા તે.

૨ **લૌકિક ગુરૂગત** મિથ્યાત્વ-કંચન કામિનીના ભોગી, સંસારમાં આસક્ત, કંદમૂળ ભક્ષણ, રાત્રિ ભોજનાદિ પાપ ક્રિયામાં પ્રવૃત્તિ કરનાર બાવા, જોગી, સાધુ, સંન્યાસી વિગેરે કુલિંગધારીઓને ગુરૂ તરિકે માનવા તે.

૩ **લૌકિક પર્વગત** મિથ્યાત્વ-હોળી, બળેવ, નવરાત્રી વિગેરે અનેક મિથ્યાત્વીઓના પર્વને પર્વ તરિકે માની તેનું આરાધન કરવું તે.

૪ **લોકોત્તર દેવગત** મિથ્યાત્વ-લોકોત્તર દેવ વીતરાગ સર્વ દોષ વિમુક્ત તેની આલોકના સુખને માટે પુત્રાદિની, ધનાદિકની, સ્ત્રી વિગેરેની પ્રાપ્તિની ઈચ્છાએ ભક્તિ કરવી અથવા માનતા કરવી તે.

૫ **લોકોત્તર ગુરૂગત** મિથ્યાત્વ-પંચમહાવ્રતધારી, સંસારથી વિરક્ત શુદ્ધ મુનિ મહારાજની આ લોક સંબંધી પૂર્વોક્ત સુખાદિકની પ્રાપ્તિ માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્તિ કરવી અથવા પાસથ્થા, દુરાચારી અને માત્ર યતિવેશધારીને ગુરૂ વ-રિકે માનવા ને તેની ભક્તિ કરવી તે.

૬ **લોકોત્તર પર્વગત** મિથ્યાત્વ–જ્ઞાન પંચમી, મૌન એકાદશી, પોસહ-શમી, પર્યુષણાદિ પર્વોનું આરાધન અથવા આંબિલ ઉપવાસાદિ તપ આ લોકના સુખની ઇચ્છાએ તે તે પર્વાદિકને દિવસે કરવો તે.

આ છ પ્રકારો પૈકી પાછલા ત્રણ પ્રકારના મિથ્યાત્વ ધર્મી કહેવાતા માણસો –શ્રાવકો પણ સેવે છે, પરંતુ તે પરિણામે બહુ હાનીકારક છે. તેથી ઉત્તમ જીવોએ ઇહલોક સંબંધી પુદ્ગલિક સુખની વાંચ્છા ત્યજી દઇને માત્ર મોક્ષ સુખની ઇચ્છાએજ શુદ્ધ દેવ ગુરૂનું ને લોકોત્તર પર્વનું આરાધન કરવું. ૩–૪–૫.

આ કુલ એકવીશ પ્રકારના મિથ્યાત્વ જે તજે ને ગુરૂના ચરણને ભજે, તે પ્રાણી પાપથી લેપાય નહીં અને મિથ્યાત્વ જવાથી મત્સર દ્રોહાદિક અન્ય દોષો પણ તેનાથી દૂર જાય. એવા સમકિત ધારી, શ્રુતોક્ત આચારના આચરવાવાળા, અને શાસનની ઉન્નતિ કરવાવાળા પ્રાણીઓ ભક્તિ કરવા યોગ્ય છે. તેમની સેવા ભક્તિ કરવાથી તેવા ગુણો પોતાને પણ પ્રાપ્ત થાય છે. ૬.

હવે કર્ત્તા મિથ્યાત્વને ઉપમા દ્વારે પ્રરૂપે છે. કર્ત્તા કહે છે કે–આ જગતના અન્ય વ્યાધિઓ તો ઔષધાદિવડે પણ દૂર થાય છે, પરંતુ મિથ્યાત્વ તો **પરમ રોગ** છે. તે જેમ તેમ દૂર થઇ શકતો નથી. **પરમ અંધકાર** તે મિથ્યાત્વ છે. અન્ય અંધકારમાં પુદ્ગલિક વસ્તુઓ દેખાતી નથી પરંતુ આ પરમ અંધકાર તો શુદ્ધ માર્ગ ને આત્મસ્વરૂપ દેખાવા દેતો નથી. મિથ્યાત્વ **પરમ શત્રુ** છે. સામાન્ય શત્રુ હોય તે બહુ વિનાશ કરે તો સુખના સાધનોનો કે છેવટ એક ભવ આશ્રી પ્રાણનો વિનાશ કરે છે, પણ આ પરમ શત્રુ તો અનંત જન્મ મરણ આપે છે, ને અનંતા ભવોમાં અનંતી દુઃખની રાશી પ્રાપ્ત કરાવે છે. **પરમ શસ્ત્ર** તે મિથ્યાત્વ છે. અન્ય શસ્ત્ર તો દેહનો ઘાત કરી શકે છે પણ આ પરમ શસ્ત્ર તો આત્માનો–આત્મગુણનો વિઘાત કરે છે. **પરમ નરક** તે મિથ્યાત્વ છે. રત્નપ્રભાદિ સાત નરકમાં જનારનો તો અમુક કાળે છુટકો થાય છે પરંતુ મિથ્યાત્વરૂપ નરકમાં સંચરેલાનો તો અનંતકાળે પણ છુટકો થતો નથી. **પરમ દૌર્ભાગ્ય, પરમ દારિદ્ર, પરમ સંકટ, પરમ કાંતાર ને પરમ દુર્ભિક્ષ** એ બધી ઉપમા મિથ્યાત્વનેજ ઘટે છે. ખરૂં દુર્ભાગીપણું મિથ્યાત્વીનુંજ છે, ખરી દારિદ્રતા તેની જ છે કે જેમાં ધર્મરૂપી ધન અંશમાત્ર પણ નથી. પરમ સંકટ મિથ્યાત્વજ છે કે જે અનાદિકાળનું છે અને તેનો ક્યારે અંત આવશે તે કહી શકાતું નથી. પરમ–ભયંકર–મહાન અટવીકે જેમાં ભૂલો પડેલો [illegible] પણ તેમાંથી બહાર નીકળી શકે નહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી અટવી તે મિથ્યાત્વ છે. તેમાં ભરાયેલા-ફસી પડેલા પ્રાણીનો અનંતકાળે પણ છુટકો થતો નથી. ખરેખરો મહાન્ દુષ્કાળ તે મિથ્યાત્વ છે. કારણ કે અન્ય દુષ્કાળ પરિમિત કાળના હોય છે અને તેમાં દેહને ભક્ષ્ય મળતું નથી પરંતુ આ દુષ્કાળ તો અપરિમિત કાળનો છે ને તેમાં આત્માને સ્વગુણનું ભક્ષ્ય મળતું નથી. આવા સર્વ દોષસંપન્ન મિથ્યાત્વને કોઇપણ ઉપાયે તજવાથીજ ખરૂં સુખ પામી શકાય તેમ છે એમ કર્ત્તા કહે છે. તે લક્ષમાં રાખવા યોગ્ય છે. ૭.

જે પ્રાણી લવલેશમાત્ર મિથ્યાત્વનો દોષ ન લગાડે, શુદ્ધ માર્ગે ચાલે અને અન્યને પણ શુદ્ધ માર્ગે ચલાવે, શુદ્ધ માર્ગ પ્રરૂપે તે પ્રાણી સમકિત રૂપી કલ્પવૃક્ષના મોક્ષરૂપી ઉત્કૃષ્ટ ફળને ચાખે છે અને પોતે આખી અણીએ રહે છે અર્થાત્ તેની કોઈ પ્રકારની ખંડના થતી નથી. તેની સુખ સમૃદ્ધિ, આબરૂ ઇજ્જત અખંડ રહ્યા કરે છે. તે પ્રાણી પોતે સંસારસમુદ્ર તરે છે ને અન્ય અનેક જીવોને તારે છે. કર્ત્તા કહે છે કે-આ જગતના જીવોમાત્ર પ્રાયે મ્હોટાઇ મેળવવાના અભિલાષી હોય છે, પરંતુ મ્હોટાઇ કેમ મેળવવી? તેનો દીર્ઘ વિચાર કરી મ્હોટાઇ મળે તેવા કારણો સેવતા નથી. ખરી મ્હોટાઇ ગુણથીજ મળે છે. કદિ કવચિત્ દ્રવ્યાદિકથી કે અધિકાર મળવાથી મ્હોટાઇ પ્રાપ્ત થાય છે પરંતુ તે ક્ષણવિનશ્વરી છે, તે મ્હોટાઇ કાયમ ટકતી નથી. ખરી મ્હોટાઇ જે ગુણને અંગે પ્રાપ્ત થાય છે તે છે તેથી જો ખરી મ્હોટાઈ મેળવવી હોય અને તે પણ પાછી ટકાવી રાખવી હોય તો ગુણ મેળવવા પ્રયત્ન કરવો. અહીં પ્રશ્ન થાય છે કે ' ગુણ તો અનેક પ્રકારના કહેવાય છે. દયાગુણ, દાતારગુણ, શ્રદ્ધાગુણ, સરલતાગુણ ઇત્યાદિ. તો તેમાંથી કયો ગુણ મેળવવા પ્રથમ પ્રયાસ કરવો?' તેના ઉત્તરમાં કર્ત્તા કહે છે કે-પ્રથમ સમકિતગુણ-શુદ્ધ શ્રદ્ધાગુણ પ્રાપ્ત કરવો. ત્યારપછી બીજા બધા ગુણ મેળવ્યા કામના છે. નહીં તો તે ગુણો પણ અંક વિનાના શૂન્ય જેવા છે. પરંતુ સમકિત ગુણ મેળવતાં પ્રથમજ **સત્ય અને સરલતા**ની જરૂર પડશે. સત્યમાં સમકિતનો નિવાસ છે ને માયામાં મિથ્યાત્વનો નિવાસ છે. તેથી સત્યપરાયણ થવું પડશે ને માયાનો ત્યાગ કરવો પડશે, તોજ સમકિત ગુણ નિષ્પન્ન થશે, ને તોજ તે ગુણ ટકશે. આ બાબત દીર્ઘ વિચાર કરી ઉપર બતાવેલા એકવીશે પ્રકારના મિથ્યાત્વને તજવા અને સમકિત ગુણ પ્રાપ્ત કરવો. એ ગુણ પ્રાપ્ત થવાથી સંસાર પરિત્ત થઇ જાય છે. કર્મબંધ જે પ્રથમ દીર્ઘકાલીન થતો હતો તે અટકી જાય છે. અને જો સાવધતા બની રહે છે તો અલ્પ કાળમાં સિદ્ધિ સામ્રાજ્ય મેળવી શકાય છે. નહીં તો પણ દોરો પરોવેલી સુઈ કીચડમાં પડી ગઇ હોય છતાં પણ તે પાછી મેળવી શકાય છે તેમ વધારેમાં વધારે અર્ધ પુદ્દગલ પરાવર્તન કાળમાં જરૂર તેને સિદ્ધિસુખ પ્રાપ્ત થાય છે. આ સઝાયનો અર્થ વારંવાર મનન કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવો છે. બહુ વિશાળ છે. આ પાપસ્થાનકને તજવા પછીજ ખરી રીતે પ્રથમના સત્તર તજી શકાય છે. આ પાપસ્થાનકને તજવા માટે કર્ત્તા **શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાય** બહુ ભાર મૂકીને કહે છે અને તે ખરેખર સશાસ્ત્ર કથન છે. તેથી નિરંતર તેમણે આપેલી હિતશિક્ષાને અનુસરવું યોગ્ય છે. ૮. **તંત્રી.**

# चंदराजाना रास उपरथी नीकळतो सार.

( અનુસંધાન પૃષ્ટ ૧૬૩ થી )

## પ્રકરણ ૧૭ મું.

શિવકુંવર નાટકીઆએ અનેક પ્રકારના નાટકો વીરમતીની પાસે કર્યા. તે વખતે ઢોલ વિગેરેનો અવાજ સાંભળીને ગુણાવળી પણ પોતાના ગોખમાં આવી ખોળામાં ચંદરાજાવાળું પાંજરૂં લઇને બેઠી. બીજા બધા નાટકોમાં ઉત્તમ પ્રકારનું નાટક બતાવવા માટે શિવકુંવર નાટકીઆની પુત્રી **શિવમાળા** તૈયાર થઈ. પ્રથમ એક અત્યંત લાંબો વાંસ ઉભો કર્યો, તે માનુ મુનિરાજને ચડવાની ઉપશમ શ્રેણીરૂપ ન હોય તેવો જણાવા લાગ્યો. પછી તે વાંસને ચારે બાજુ દોર નાખીને બાંધ્યો, તે વખતે તેની લોકાકૃતિ જણાવા લાગી. ત્યારપછી તેની ઉપર એક સોપારી મુક્યું અને શિવમાળા વીરમતીને પ્રણામ કરી ચંદરાજાનો જય બોલી વાંસ ઉપર ચડી. તે વખતે તેના પિતાએ શિખામણ આપી કે–'હે પુત્રી! બરાબર લક્ષ રાખીને નાટક કરજે. આ ઠેકાણું ખરેખરૂં નાટક કરવાનું મળ્યું છે; અહીં જો ખામી રાખીશ તો પછી ક્યાં જઇને ખેલીશ?' શિવમાળાએ તેના શિખામણ અંગીકાર કરી અને જેમ પક્ષી આકાશમાં ચડે તેમ દોરવડે વાંસના અગ્ર ભાગ ઉપર ચડી ગઇ. ત્યાં પહોંચ્યા પછી વાંસના અગ્ર ભાગે ગોઠવેલા સોપારી ઉપર પોતાની નાભી ગોઠવીને ઉંધી ચકરચકર ફરવા લાગી, નીચે ઢોલ ઢમકવા લાગ્યા અને કેટલાક નટ તો ઉંચી નજર રાખીને અખંડ ઉભા રહ્યા. શિવમાળાએ કુંભારના ચક્રની જેમ શરીરને ફેરવતાં ફેરવતાં એવી ગુલાંટ મારી કે તે સોપારી ઉપર મસ્તક લાવી દીધું અને પગ ઉંચે આકાશમાં કરી દીધા. જેમ ઉંધે મસ્તકે મુનિ કાઉસ્સગ્ગ કરે અથવા જેમ તાપસો તપ તપે તેમ સ્થિર થઇ ગઇ. પછી પાછી ગુલાંટ મારીને ડાબા પગની એડી તે સોપારી ઉપર ગોઠવી અને એક પગે ચકર ચકર ફરવા લાગી. આ કળા બહુ અદ્ભુત કરી. ત્યારપછી વાંસના અગ્ર ભાગ ઉપર રહીને પાંચ વર્ણની પાંચ પાઘડીઓ લઇ તેની ફુલની પાંખડીઓ ગુંથે તેવી રચના કરી. આ પ્રમાણે અદ્ભુત નાટ્યકળા બતાવી એટલે શિવકુંવરે કહ્યું કે–"હે પુત્રી! હવે નીચે ઉતરી જા." એટલે જેમ સાપણ દોરની સાથે ઉતરી પડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ ઉતરી ગઇ. નીચે આવી એટલે બધા નટ તેને આનંદથી ભેટ્યા, કારણકે હવે પડી જવાનો ભય બધો નાશ પામ્યો હતો.

પછી નટોએ ચંદરાજાનો જયજયકાર કર્યો, ઢોલ બજાવ્યો અને વીરમતી પાસે જઇ પગે લાગીને મોજ માગી. તે વખતે પણ 'ચંદરાજાને ઘણી ખમા' ઇત્યાદિ શબ્દો બોલવા લાગ્યા. આ શબ્દો વીરમતીના કર્ણમાં બાણ જેવા લાગવા માંડ્યા. કેમકે તેને રાજ્યનું પણ અત્યંત અભિમાન ચઢ્યું હતું. નટોએ તો દાન ન મળ્યું એટલે વળી અનેક પ્રકારની કસરતો વિગેરે ખેલ કર્યા. પછી પાછા ચંદરાજાની જય બોલતા દાન લેવા આવ્યા. તે વખતે પણ વીરમતીએ દાન આપ્યું નહીં. લોકો નાટક જોઇને અત્યંત પ્રસન્ન થયા હતા તેથી સૌ યથાશક્તિ દાન દેવા ઉત્સુક હતા, પરંતુ વીરમતીના દાન આપ્યા અગાઉ દાન આપવાની કોઇની મગદુર નહોતી.

આ વખતે પાંજરામાં રહેલ કુર્કટ વિચાર કરે છે કે-'નટ મારો જશ બોલે છે અને તે કારણથીજ માતા દાન આપતી નથી, તેથી નટને જો દાન નહીં મળે તો તે પરદેશમાં જઇને આપણો જશ કેમ બોલશે? ઉલટી અપકીર્ત્તિ બોલશે, તેથી દાન તો આપવુંજ જોઇએ.' આમ વિચારીને પોતાના પાંજરાની સળીઓ ખસેડી અંદરથી રત્નજડિત સોનાનું કચોળું ચાંચમાં લઈ નીચે નાખ્યું. ઉપરથી તે કચોળું પડ્યું કે તરતજ શિવકુંવરે દોડીને તે લઈ લીધું અને ચંદરાજાની જય બોલ્યો, એટલે ઢોલવાળે પણ તેના જયનો ઢોલ વગાડ્યો. પછી લોકો પણ વીરમતી તરફ નજર ન કરતાં ચોતરફથી અનેક પ્રકારના વસ્ત્રો ને અલંકારો આપવા લાગ્યા. શિવકુંવર પાસે તો મોટો ઢગલો થયો, તેમાંથી નટ ને નટણીઓ પોતાને અનુકૂળ આવતા વસ્ત્રાલંકાર લઈ લઇને પહેરવા લાગ્યા, તેથી તેઓ પણ ઓળખાય નહીં તેવા થઇ ગયા. શિવકુંવર બહુજ રાજી થયો પણ વીરમતીને શરીરે તો અંગારા ઉઠ્યા. શિવકુંવર તો ચંદરાજાનો જય બોલી વીરમતીની આજ્ઞા માગી પોતાને ઉતારે ગયો, પણ વીરમતીનો કોપ ઉતર્યો નહીં. તે તો ઉલટો વધવા લાગ્યો. વીરમતી બોલી કે-"એવો કોણ ધનઘેલો થયો કે જેણે મારી પહેલાં દાન આપ્યું? હું જોઉં તો ખરી કે તે કેવો છે? પણ મને તે મોસાળમાં વધેલો-ઉછરેલો લાગે છે, મારી નિશાળે એ ભણેલો લાગતો નથી. પણ શું કરૂં? તે મારી નજરે ન પડ્યો! તેનું આયુષ્યજ જોરાવર કે તે જીવતો ચાલ્યો ગયો." વીરમતી આ પ્રમાણે બોલી તે વખતે જોકે કુકડાનું પાંજરૂં તેની પાસે આવેલું હતું, પરંતુ તેના જાણવામાં હજુસુધી કુર્કટે દાન આપ્યું છે તે વાત આવી નહોતી. એટલે તેની રીસ તેના ઉપર ઉતરી નહીં.

એ અવસરે મંત્રી અવસર જોઇને બોલ્યો કે-"હે માતા! એમાં આપને રોષ કરવાનું કાંઈપણ કારણ નથી. કેમકે જેણે પહેલું દાન દીધું તેણે પણ જશ તો તમનેજ આપ્યો છે. જે શૂરવીર હોય છે તે લડાઇમાં રાજાની આગળ જઇને લડતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંડી જાય છે. દાતાર પણ તેવાજ હોય છે. પોતાનો યશ ગવાતો સાંભળીને તેઓ છાના રહી શકતા નથી, પરંતુ જેણે દાન આપ્યું તે બધા તમારા ફરજંદજ છે-તમારી પ્રજા છે તો માતા પાસે તે લાડ કરે તેમાં માતાએ ગુસ્સે થવાનું હોય નહીં." આ પ્રમાણે મંત્રીએ ઘણું સમજાવી પણ તેની કળા કાંઈ ફાવી નહીં, વીરમતીનો કોપ જરા પણ ઓછો થયો નહીં.

અનુક્રમે સભા વિસર્જન કરીને વીરમતી રાજમહેલમાં ગઇ, રાત્રી પડવાથી સુખશય્યામાં સુતી, પણ તેને લેશ માત્ર નિદ્રા આવી નહીં. પોતાની અગાઉ દાન કોણે દીધું? તેને શોધી કાઢવાની ચટપટી તીવ્ર રહ્યા કરી. પ્રાતઃકાળ થયો, સૂર્ય ઉગ્યો એટલે મતિહીન વીરમતી રાજસભામાં આવી. અધિકારીઓ તથા નગરજનોને બોલાવ્યા. સભા ભરાણી એટલે શિવકુંવર નટને બોલાવી નાટક કરવાનો હુકમ કર્યો. તેણે પણ ફરી દાન મળવાની લાલચે તરતજ તમામ તયારી કરી અને મધ્યમાં વાંસ રોપ્યો. તે વખતે ગુણાવળી પણ પાંજરૂં લઇ ગોખમાં આવીને બેઠી. શિવકુંવરે નાટક શરૂ કર્યું અને ભરતાદિક અનેકના નાટકો કર્યા. પછી દાનને અવસરે ચંદરાજાની જય બોલી વીરમતી પાસે આવીને ઉભો રહ્યો. તેનાં વચનો સાંભળી ગૃહપતિના શબ્દ સાંભળીને જેમ ચોર મનમાં ખેદ પામે તેમ વીરમતી અત્યંત ખેદ પામી. પણ મુખે કાંઇ બોલી શકી નહીં. તેમજ દાન દેવા હાથ પણ ઉંચો કર્યો નહીં. તેના આપ્યા વિના નગર લોકપણ આપી શકયા નહીં પણ વિચારવા લાગ્યા કે-'આજ વીરમતી આમ કેમ કરે છે?' તેઓ વીરમતીનો ભેદ સમજી શકયા નહીં. શિવકુંવર પણ ચારે તરફ નજર ફેરવવા લાગ્યો. તેને ચંદરાજા વિનાની બધી સભા અલૂણા ધાન્ય જેવી, કુંજર વિનાની સેના જેવી અને પત્ર વિનાની વલ્લી જેવી લાગી. તે વખતે પોતાનો જશ વારંવાર બોલાતો સાંભળીને માતાનો ભય અવગણી કુર્કટે લાખ સોનૈયાની કિંમતનું રત્નનું કચોળું પાંજરામાંથી ફેંક્યું. એટલે શિવકુંવરે તરતજ ઝીલી લીધું અને ચંદરાજાની જય બોલ્યો. તે વખતે લોકોએ પણ પહેલા દિવસની જેમ પુષ્કળ દાન આપ્યું. સોનૈયાની વૃષ્ટિ થઇ.

તે વખતે વીરમતીનો ક્રોધ ડાબ્યો રહ્યો નહીં, એટલે તે ખડ્ગ લઇને એકદમ જ્યાં ગુણાવળી પાંજરૂં લઇને બેઠી હતી ત્યાં દોડી અને જઇને કહ્યું કે-"અરે દુષ્ટ! હજી લાજ આવતી નથી? તેં મારી અગાઉ દાન કેમ આપ્યું? હવે હું તને જીવતો છોડવાની નથી." આમ કહીને ખડ્ગ કાઢ્યું એટલે ગુણાવળી આડી પડી અને બોલી કે-"માતાજી! કોપ ન કરો. એ પક્ષી બિચારો દાન દેવામાં શું સમજે? તેના શરીર સામું તો જુઓ! આતો પાણી પીતાં કચોળું પડી ગયું ને નટે ઝીલી લીધું. તેમાં આપને કોપ કરવાનું કારણ નથી. પંખી તો અવિવેકીજ હોય તેથી તેની ઉપર કોપ કરવો યોગ્ય નથી. એ જેમ [illegible] કરશો નહીં તો." ગુણા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી આ પ્રમાણે આજીજી સાથે કહેતી હતી તે વખતે કોળાહળ સાંભળીને લોકો-પણ ત્યાં દોડી આવ્યા. અને વીરમતીએ હાથમાં લીધેલું પાંજરૂં જેમ તેમ કરીને છોડાવ્યું. એટલે વીરમતી પાછી સભામાં આવી. નટો આનંદ પામ્યા અને તેને પ્રસન્ન કરવા માટે શિવકુંવરે ફરીને નાટક કરવું શરૂ કર્યું, શિવમાળા પણ વાંસ ઉપર ચડી અને પિંજરની સામી દૃષ્ટિ કરીને નાટક કરવા લાગી.

તે વખતે પિંજરમાં રહેલા કુર્કટે શિવમાળા પક્ષીની ભાષા જાણે છે એમ જાણતો હોવાથી તેને પોતાની ભાષામાં કહ્યું કે–" હે શિવમાળા ! તું તારી કળામાં અત્યંત કુશળ છે તે સાથે પક્ષીઓની ભાષા પણ તું જાણે છે તેથી તને હું મારૂં ગુહ્ય કહું છું તે સાંભળ–તું વાંસથકી જ્યારે ઉતરીશ ત્યારે વીરમતી તારા પર પ્રસન્ન થઇ તને દાન માગવા કહેશે તે વખતે તું મને માગી લેજે. બીજું કાંઇ માગીશ નહીં. જોજે, કોઇ પ્રકારના ધનના લોભમાં લેવાઇશ નહીં. હું તને પગે લાગીને કહું છુ કે–તું મારૂં વચન પ્રમાણ કરજે. આ વાત ચુકીશ નહીં. મને અહીંથી મૃત્યુના ભયમાંથી બચાવજે–અભયદાન આપજે. હું તારો ઉપકાર જન્મ સુધી ભુલીશ નહીં. દ્રવ્ય તો આપણે બે મળીને તું કહીશ તેટલું મેળવીશું. અને મારી કર્મકથા પણ હું તારી પાસે આવ્યાં પછી બધી કહીશ. આટલું યાદ રાખજે."

આ પ્રમાણે કુર્કટે મંદ સ્વરે પોતાની ભાષામાં શિવમાળાને કહ્યું. તે બરાબર સમજી ગઇ અને નાટક પૂર્ણ કરી વાંસથી નીચે ઉતરી. ઉતરતાંજ પોતાના પિતાને એકાંતે લઇ જઇ કુર્કટની કહેલી વાત કરી અને તેને માગી લેવા કહ્યું. શિવકુંવર પણ તરત સમજી ગયો. તેણે તે વાત કબૂલ કરી અને વીરમતી પાસે આવી તેનો જશ બોલી દાન લેવા માટે તેને પ્રણામ કરી ઉભો રહ્યો. તે વખતે પોતાનો જશ બોલાવાથી વીરમતી તેના પર બહુ ખુશી થઇ. તેણે નટને પોતાની પાસે બોલાવીને કહ્યું કે–' માગ, માગ, હું તારા પર પ્રસન્ન થઇ છું.' તે વખતે શિવકુંવરે અવસર પામીને વિનતિ કરી કે–' હે માતા ! જો પ્રસન્ન થયા હો તો આ કુકડો આપો. મારે બીજા કશાનો ખપ નથી. મારી પુત્રી કુકડાની ગતિ શીખે છે પણ સારા કુકડા વિના તેની હોંશ પુરી પડતી નથી. માટે આ કુકડો મને આપો. તમે વળી બીજો કુકડો લઇને પાળજો. હે માતા ! આપની કૃપાથી મારે દ્રવ્યાદિકની કાંઇ ખોટ નથી. વળી તેની જરૂર હશે તો અનેક રાજાઓ છે તેની યાચના કરીશ પણ આપ તો મને આ કુકડોજ આપો."

શિવકુંવરનાં આવાં વચનો સાંભળી વીરમતીએ કહ્યું કે–' હે શિવકુંવર ! તેં આ શું માગ્યું ? તું હાથી, ઘોડા, ધન, ધાન્ય, વસ્ત્ર, આભરણ ઇત્યાદિ માગ કે જે આપવાથી અમારો પણ જશ થાય. પંખી આપવામાં અમારી પણ શોભા ન વધે. કોઇએ દાનમાં પંખી આપ્યાનું સાંભળ્યું નથી. વળી એ કુકડો વહુને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રિડા કરવા માટે રાખ્યો છે તે તેને દુશ્મનને કેમ અપાય ? માટે તું કાંઈક બીજું માગ."

શિવકુંવરે કહ્યું કે–" હે માતા ! એમાં આપની કીર્તિ ઓછી થવાની નથી કારણકે હું માગું છું ને આપવો છે. પણ મને એમ જણાય છે કે તમને એ બહુ વહાલો છે તેથી આપવો નથી એટલે બીજા બહાનાં કાઢો છો. પણ જ્યારે કુકડો આપતાં પણ તમે કચવાઓ છો તો પછી મેં બીજું માગ્યું હોત તો શું આપવાના હતા ? " વીરમતીએ તેનાં આવાં વચનો સાંભળી તેને બહુ રીતે સમજાવ્યો, પણ તે તો એકનો બે થયો નહીં. એટલે અણછુટકે કુકડો આપવાની હા પાડી. અને કુકડો લેવા માટે મંત્રીને ગુણાવળી પાસે મોકલ્યો.

મંત્રીએ ગુણાવળી પાસે આવી તેને સમજાવીને કહ્યું કે–" મને કુકડો આપો, તે નટને દાનમાં આપવાનો છે. આ બાબતમાં હઠ કરવાનું કારણ નથી. કારણકે અહીં રહેવાથી એને પ્રાણનો ભય વારંવાર છે. નટ પાસે તે કુશળક્ષેમ રહેશે અને આગળ કલ્યાણ પામશે. નટની પુત્રી શિવમાળા તેને પ્રાણની જેમ રાખશે માટે વધારે વિચાર ન કરતાં તમે મને પાંજરૂં આપો. " ગુણાવળીએ મંત્રીને કહ્યું કે–" તમે કહો છો તે ઠીક છે, બાકી મારી સાસુ તો આની સાથે પૂરૂં વૈર વહન કરે છે, તેથી તેને નટને આપી દેવામાં તેનું ગમે તે થાય તેની તેને કાંઈ પીડા નથી. પણ મારાથી તેને પારકા હાથમાં કેમ દેવાય, માટે તમે પાછા જઇ કોઈ રીતે તે નટને સમજાવીને કહો કે–તું આ કુકડાને શું કરીશ, માટે કાંઇક બીજું માગ. વળી હે સચીવ ! રાજા મટાડીને કુકડો તો કર્યો, હવે શું એને ઘરે ઘરે નચાવવો છે ? એ મારી પાસે છે તો હું આશામાં ને આશામાં દિવસો વીતાડું છું; તેના ગયા પછી મારા દિવસો કેમ જશે ? આમાં વીરમતીના બાપનું શું જવાનું છે ? જેને પીડા થાય તેને ખબર પડે, બીજાને તો હાંસુ થાય. " ગુણાવળીનાં આવાં વચનો સાંભળી મંત્રીએ તેને બહુ રીતે સમજાવી, એટલે છેવટે તેણે પાંજરૂં મંત્રીના હાથમાં આપ્યું.

હવે પાંજરૂં આપ્યા પછી પણ ગુણાવળી તેના વિયોગથી થતો પારાવાર ખેદ પ્રકટ કરશે અને કુકડો તેનો ઉત્તર તેને સમજાવશે. પછી સચીવ પાંજરૂં લઈ જઇને વીરમતીને આપશે એટલે તે શિવકુંવરને બક્ષીશ કરશે. ત્યાં ગયા પછી તે કેવી સ્થિતિમાં રહેશે ? શિવમાળા તેને કેવી રીતે જાળવશે ? તે બધુ આપણે આવતા પ્રકરણમાં જોઇશું. હાલ તો આ પ્રકરણમાંથી આપણે રહસ્ય શું ગ્રહણ કરવાનું છે તેનો વિચાર કરીએ

## પ્રકરણ ૧૭ માનો સાર.

શિવકુંવર નાટકીઆની પુત્રી શિવમાળાએ જે નાટક કર્યું તે એવા પ્રકારનું છે કે જેમાં દરેક ક્ષણે પ્રાણ નાશનો ભય છે, તે છતાં દ્રવ્યના લોભથી આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણીએ પણ પૂર્વે એવા અનેક નાટકો કર્યાં છે; પરંતુ એવાં નાટકો કરવાથી આ ભવ નાટક કરવું અટક્યું નથી. આ સંસાર પણ એક નાટક કરવાનું સ્થળ–અખાડો છે. તેમાં સર્વ જીવો નટ છે–નાટક કરનારા છે. તે કર્મ સંયોગે જેવો જેવો ભવ પ્રાપ્ત થાય તેવું તેવું રૂપ ધારણ કરી કર્મ પરિણામ રાજાની પાસે તે જેમ નચાવે તેમ નાચે છે. પોતાના સ્વરૂપને ભૂલી જાય છે અને પરવસ્તુમાં પોતાપણું માની તેમજ સર્વ વિનાશી પદાર્થોને અવિનાશી માની સર્વ સંયોગ પ્રાંતે વિયોગવાળા હોવાનો નિશ્ચય છતાં તેને અખંડ માની તેના મોહમાં અજ્ઞાની થઇને રાચ્યા માચ્યા કરે છે. જ્ઞાનીની દૃષ્ટિએ તો જેમ કોઈ મદીરાપાની ઉન્મત્તપણે અનેક પ્રકારની ચેષ્ટાઓ કરે તેમ આ જગતના જીવો મોહમદીરા પીને ઉન્મત્ત બની તેના છાકમાં કૃત્યાકૃત્યને ભૂલી જઇ અનેક પ્રકારની અયોગ્ય ચેષ્ટાઓ કરે છે એમ લાગે છે. આ પ્રકારના ભવનાટકને ટાળવા માટેજ ઉત્તમ જીવો અહર્નિશ પ્રયાસ કરે છે. આ તો પ્રસંગાગત ભાવ (ભવ) નાટકની વાત કરી. અહીં તો શિવમાળાએ અપૂર્વ નાટક કર્યું પણ તેની પ્રાંતે યશ ચંદરાજાનો બોલવામાં આવ્યો એટલે વીરમતીએ દાન આપ્યું નહીં. જુઓ! જગતમાં અભિમાન કેવું ભાન ભૂલાવી દે છે. નટ તો બિચારા જાણે છે કે ચંદરાજા કાંઇ ગયા હશે તેની ગેરહાજરીમાં તેની માતા રાજસિંહાસને બેસી રાજકાર્ય ચલાવે છે, તેથી જય તો ચંદરાજાનોજ બોલવો જોઇએ. કારણ કે, વાસ્તવિક રાજા તો તે છે. પણ અભિમાનના આવેશમાં આવેલી વીરમતીને તે વાત સુજી નહીં; તેણે તો કોઇ રીતે દાન આપ્યું નહીં; એટલે કુર્કટાવસ્થા પ્રાપ્ત થઇ છે છતાં પણ ચંદરાજાથી દાન દીધા વિના રહેવાયું નહીં. જે દાતા હોય છે તે તો ગમે તેવી સ્થિતિમાં પણ દાતાજ રહે છે. તેનું દાતાપણું નાશ પામતુંજ નથી. કર્મવશે પોતે દરિદ્રી થઇ જાય તોપણ પોતા કરતાં બીજાને વધારે દુઃખી દેખે અથવા તેની સ્થિતિ ન જાણવાથી કોઇ તેની પાસે યાચના કરે તો તે પોતે દુઃખ વેઠીને પણ માગનારને આપી દે છે. આવા દાનેશ્વરીઓના ઘણા દૃષ્ટાંતો શાસ્ત્રોમાં મોજુદ છે. સ્થળ સંકોચના કારણથી અહીં આપવામાં આવતા નથી.

કુર્કટથી રહેવાયું નહીં એટલે તેણે પોતાને પાણી પીવાનું રત્નજડિત કચોળું જે લાખ સોનૈયાના મૂલ્યવાળું હતું તે આપ્યું–પાંજરાના સળીયા પહોળા કરી અંદરથી ફેંક્યું, નટોએ લીધું, તે જોઈ અન્ય લોકોએ પુષ્કળ દાન આપ્યું પણ 'આ શું થયું ? પહેલું દાન કોણે આપ્યું ?' તે વાતની વીરમતીને ખબર પડી નહીં. તેથી તેની નસેનસમાં અભિમાનને અંગે માનભંગ થવાથી એવી અગ્નિ લાગી કે જેવું માણસ કોપાનળ અથવા કામાનળથી બળ્યા કરે છે તેમ તે બળવા લાગી. આખી રાત્રી તેને નિદ્રા ન આવી. પ્રધાને બહુ રીતે સમજાવી છતાં તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસર થઇ નહીં. તેનો વિચાર કોઈ પણ રીતે પ્રથમ દાન દેનારને શોધી કાઢવાનો દઢ થવાથી તેણે બીજે દિવસે નાટક કરાવવાનું ધાર્યું અને તે દિવસે પ્રથમ દાન કોણ આપે છે તે ધ્યાન રાખી તેને પકડવો એવો નિર્ણય કર્યો. જુઓ અભિમાન પણ પ્રાણીને કેવી સ્થિતિમાં મૂકે છે? દરેક દોષ પોતાના પૂર્ણ રૂપમાં આવે છે ત્યારે એવોજ સમજવો. અઘાતિ શબ્દોથી ઓળખાતા કર્મો પણ ઘાતિ કર્મોના સંબંધને લઇ આત્માના મૂળગુણઘાતમાં પણ મદદગાર થાય છે તેમ સર્વેને માટે સમજવું. એક પ્રકૃતિ જ્યારે બળ કરે છે ત્યારે બીજી બધી તેને મદદ કરે છે. તેમાં પણ મોહનીય કર્મની તો દરેક પ્રકૃતિ જ્યારે પૂર્ણ જોસમાં ઉદયગત થાય છે ત્યારે તે આત્માનું ભાન ભૂલાવી દેય છે અને અકર્ત્તવ્ય કરાવતાં પાછું વાળીને જોતી નથી. આવીજ રીતે અભિમાનના આવેશમાં આવેલી વીરમતીએ બીજે દિવસે નાટક કરાવ્યા બાદ દાન આપવાને વખતે પોતે ન આપ્યું અને જ્યારે '**દાતા છુપે નહી માંગણ આયો**' એ વાકય પ્રમાણે પક્ષીપણામાં પણ ચંદરાજાથી રહેવાયું નહીં અને તે દિવસે પણ બીજું લાખ મૂલનું રત્નકચોળું દાન તરીકે પોતાના પાંજરામાંથી ચાંચવડે ફેંક્યું. ત્યારે વીરમતીનો મીજાજ ઠેકાણે રહ્યો નહીં, તે ભાન ભૂલી ગઇ અને એકદમ ખડગ લઇને ચંદરાજાને મારવા દોડી. ચંદરાજાનું આયુષ્ય બળવાન એટલે ગુણાવળી આડી પડી, બાઇજીની આજીજી કરી અને ચંદરાજાને પ્રાણાંત ભયમાંથી મહામહેનતે બચાવ્યા. લોકોએ પણ તેમાં કાંઈક મદદ કરી. લોકોના આવી જવાથી વીરમતી લજવાણી એટલે તે પાછી વળીને સભામાં આવી સિંહાસનપર બેઠી.

આ વખત અવસરનો જાણ શિવકુંવર ચેત્યો અને તેણે વીરમતીને ખાસ પ્રસન્ન કરવા ફરીને નાટકનો આરંભ કર્યો. શિવમાળા ફરીને વાંસ ઉપર ચડી. આ વખતે ચંદરાજાને હવે અહીં રહેવાથી અવશ્ય કોઇક વખત પ્રાણ જશે એવી ખાત્રી થઈ, એટલે તેણે પોતાની ભાષામાં શિવમાળાને પોતાનો આશય સૂચવ્યો. તેમાં પોતે કોણ છે? તે જો કે જણાવ્યું નહીં પરંતુ વાકયરચના એવી વાપરી કે શિવમાળાને હૃદયે એ વાત ચોંટી ગઇ-સચોટ અસર થઇ. જુઓ! આવે વખતે પશુ પક્ષીની ભાષા જાણવાની કળા પણ કેવી કામ આવી ગઇ? વિદ્યા, કળા, વિજ્ઞાન વિગેરે સર્વે એક પ્રકારના નિધાન જેવા છે. તે જ્યારે આપે છે ત્યારે અપૂર્વ લાભ આપે છે. આ વખતે શિવમાળાને જે લાભ પ્રાપ્ત થયો તેની કિંમત આંકી શકાય તેમ નથી. કારણ કે ચંદરાજા જેવા એક મહા ઉત્તમ જીવને અભયદાન આપનારી તે થઇ પડી. તેણીએ પોતાના પિતાને તે વાત કહી અને કમાઈ આપનારી દીકરીનું કહેવું તેણે પણ તરતજ માન્ય કર્યું. અવસર ઓળખી જવાથી આ ત્રીજી વખતે તે જય વીરમતીનોજ બોલ્યો, એટલે તે દાન આપવા તત્પર થઇ. શિવકુંવરને જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માગે તે આપવા ઇચ્છા જણાવી. શિવકુંવરે કુકડોજ માગ્યો. વીરમતીએ તે ન આપવા ઘણા ફાંફાં માર્યાં પણ શિવકુંવરે બીજું લેવાની ઘસીને ના પાડવાથી છેવટ કુકડો આપવાનું કબૂલ કરી સચીવને ગુણાવળી પાસે પાંજરૂં લેવા મોકલ્યો.

કુકડો ન આપવાના આગ્રહમાં વીરમતીનો હેતુ એ હતો કે 'અહીંથી છુટો પડે ને વખતે પાછો મનુષ્ય થાય તો ભારે થઇ પડે.' પણ જ્યારે નટનો આગ્રહ થયો ત્યારે પાછો એમ વિચાર આવ્યો કે–' એને કોણ જાણનાર છે કે તે મનુષ્ય છે. અને કદી જાણે તોપણ તેને પાછો મનુષ્ય કરવાની રીતની કોને ખબર છે, માટે ભલે અહીંથી ફાંસ જતી.' અભિમાની, દ્વેષી, ઇર્ષાળુ, પાપના ભય વિનાની વીરમતીનું હૃદય તોજુઓ ! તેને તો ચંદરાજાને બાકીની જીંદગીજ કુકડાપણામાં પૂરી કરાવવી છે. ચંદરાજાનો વાંક કેટલો ને શિક્ષા કેટલી ? પણ હવે તો વીરમતીને અત્યંત રાજ્યલોભ ઉત્પન્ન થયો છે, તૃષ્ણાનો પ્રવાહ વૃદ્ધિ પામ્યો છે, એટલે હવે કોઇ રીતે રાજ્ય છોડવું ગમતું નથી, તેનું આ પરિણામ છે. પરંતુ મનુષ્ય ધારે છે કાંઈક ને દેવ કરે છે કાંઇક. દેવની પાસે માણસનું ધાર્યું કાંઇ પણ કામ આવતું નથી. કહ્યું છે કે:—

કરે કષ્ટમાં પાડવા, દુર્જન ક્રોડ ઉપાય;
પુણ્યવંતને તે સવી, સુખના કારણ થાય.

તે પ્રમાણે ચંદરાજાને પણ આ નિમિત્ત તેના હિતમાટેજ થવાનું છે તે આપણે આગળ વાંચશું. હાલ તો સચીવે જઇને ગુણાવળી પાસે પાંજરૂં માગ્યું. તેને તો એ વાત સાંભળી મોટો આઘાત લાગ્યો. આટલો સંયોગ છે તે પણ વિરહના રૂપમાં પલટાઇ જવાનું આંખ આગળ તરી આવ્યું. તેણે મંત્રીને ઘણી રીતે સમજાવ્યો; પરંતુ વિચક્ષણ મંત્રીએ તેનું અહીંથી જવુંજ હિતકર જાણ્યું, તેથી તેણે ગુણાવળીને સમજાવીને પાંજરૂં પોતાના હાથમાં લીધું. ગુણાવળીએ તેને પાંજરૂં આપ્યું તો ખરૂં પણ તેનું હૃદય હાથમાં રહ્યું નહીં. તે અસહ્ય શોકાક્રાંત થઈ ગઈ. હવે તે કુર્કટ પ્રત્યે પોતાની પ્રેમદશાવાળી લાગણી જણાવશે, કુર્કટ તેને ચેષ્ટાવડે સમજાવશે અને પરિણામે કુર્કટ શિવમાળાને પ્રાપ્ત થશે, તે સઘળી હકીકત આપણે આગળના પ્રકરણમાં વાંચશું. આ પ્રકરણમાં તો અભિમાનીની પ્રવૃત્તિ, દાતારનો સ્વભાવ અને કળાથી થતા લાભ એ ત્રણ બાબત વિચારવા યોગ્ય છે. તેનું સંક્ષેપમાં ઉપર અન્વેષણ કરવામાં આવ્યું છે; સુજ્ઞોએ સ્વબુદ્ધિ અનુસાર તેની વિશેષ વિચારણા કરી લેવી અને એક બાબત ત્યાગ કરી બે બાબત અંગીકાર કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आनुं कारण शुं ?

દરેક વખતમાં, દરેક દેશમાં જનસમુદાયને ચાલુ સ્થિતિમાંથી ઉચ્ચ સ્થિતિમાં જવાની કોશીશ તે તે વખતના મહાન ગણાયલા મહાપુરૂષોએ કરેલી છે, તેમણે પોતે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી જનસમુદાયને ઉચ્ચ પ્રદેશમાં લઈ જવાને મહાન ભગીરથ પ્રયત્ન કરેલો છે, એમ ઇતિહાસ આપણને સૂચવે છે.

ઇંગ્લાન્ડાદિ વિદેશોમાંનો ઈતિહાસ જેટલો આપણા જાણવામાં આવ્યો છે તે ઉપરથી આપણને એટલું જણાઇ આવે છે કે, તે દેશો પ્રથમ અજ્ઞાન સ્થિતિમાં હતા, તે વખતે મહાન તત્વવેત્તાઓ, શોધકો અને સુધારકોએ તે દેશને સુધારવા, આગળ વધારવા અને જે સત્ય તેમના જાણવામાં આવ્યું હતું તે સત્યનો પ્રકાશ કરવા તેમણે ઓછો પ્રયત્ન કરેલો નથી, પ્રયત્ન તો બાજુ ઉપર રહ્યો પણ તેવા પ્રકારના પ્રયત્નના અંતે તેમને દેહાંત શિક્ષાઓ ભોગવવી પડેલી છે, એમ આપણને માલમ પડે છે, તે વીર પુરૂષો દેહાંત શિક્ષાઓ ખમવાને તૈયાર થયા અને ખમી, પણ પોતાના ધારેલા ઉદ્દેશને બાજુ ઉપર મૂકવાને તેઓ તૈયાર થયા ન હતા.

આપણા હિંદુસ્થાનના ઇતિહાસનું અવલોકન કરવાથી પણ આપણને એજ માલમ પડે છે. અંગ્રેજ પ્રજાએ આ દેશમાં આવવાની શરૂઆત કરી, અને તેમના સહવાસમાં પ્રથમ બંગાળ આવ્યું. બંગાળ તેમના સહવાસમાં આવ્યાથી અંગ્રેજી ભાષા અને રીતભાતમાં તેમનું અનુકરણ થવા લાગ્યું, એટલુંજ નહીં પણ ધાર્મિક વિષયમાં અનુકરણ થયું અને નવીન નવીન સમાજો ઉદ્ભવ પામ્યા, તેથી કેટલેક અંશે આ દેશને ફાયદો થયો છે અથવા ગેરફાયદો થયો છે તેનું વિવેચન કરવું અત્રે પ્રયોજન વિનાનું હોવાથી તે ઉપર લક્ષ નહીં આપતાં તે તે કામના કરવાવાળા મહાપુરૂષોએ પોતે મેળવેલા જ્ઞાન અને અનુભવનો લાભ જનસમુદાયને આપવાને તેઓએ કેટલો પ્રયત્ન કરેલો છે, તે બંગાળાના ઐતિહાસિક પુરૂષોના જીવનચરિત્રો વાંચવાથી આપણને માલુમ પડે છે.

આપણી નજીકના માહારાષ્ટ્રી બંધુઓના સંબંધમાં તપાસ કરતાં પણ એજ માલમ પડી આવે છે કે એ દેશને આગળ વધારવાને, કળાકૌશલ્ય અને ધંધા ઉદ્યોગમાં આગળ વધવાને, તેમજ વિદ્યાકળાનો પ્રચાર કરવાને તે દેશની વિદ્વાન મંડળી જીવતોડ પ્રયત્ન કરે છે, જુદી જુદી પ્રકારની સંસ્થાઓ ઉભી કરે છે, અને જુદી જુદી રીતે પોતાના દેશને જાગ્રત રાખવાને યોજનાઓ કરે છે.

બહુ નજીકના અન્ય દેશમાંના પૂર્વના તથા હાલના જમાનામાંના વિદ્વાનો પોતાની જ્ઞાતિ, ધર્મ અને દેશસેવાને માટે કેટલો યત્ન કરે છે, તે સુશિક્ષિત મંડળથી અજાણ્યું નથી. તેમનું પ્રત્યેક નામવાર વિવેચન કરવાની અત્રે અગત્યતા નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બધાની સાથે આપણા જૈનવિદ્વાનોની પ્રવૃત્તિ તરફ લક્ષ આપીએ છીએ ત્યારે દિલગિરી થયા વિના રહેતી નથી. અને પ્રશ્ન એ ઉભો થાય છે કે આપણામાં નજીકની બંધુપ્રજા કરતાં વિદ્વાનમંડળી ઘણી કમતી છે, પરંતુ જે છે તે પણ ઘણા ભાગે પોતાના ઉદરનિર્વાહ કરતાં બીજા સાર્વજનિક કામમાં, અથવા પોતાના સ્વામીભાઇઓના હિતને માટે પોતાના જીવનનો કેટલો હિસ્સો આપે છે ?

જૈનપ્રજાના હિતના ખાતર જૈનએસોશીએશન નામનું એક મંડળ ઘણાં વર્ષો પૂર્વે જન્મ પામેલું છે, તેણે તેની ઉમરના પ્રમાણમાં કેટલું કામ કરેલું છે, તે આપણે સર્વે જાણીએ છીએ. કોન્ફરન્સની શરૂઆત થઇ, ઉદયમાં આવી એમ મનાયું અને અસ્ત પામી, તેના કારણોનો વિચાર પ્રયોજન વિનાનો હોવાથી તે તરફ લક્ષ આપવાનું કારણ નથી, કેમકે કોન્ફરન્સમાં વિદ્વાનમંડળ થોડું અને અવિદ્વાનમંડળ વધારે. આ આક્ષેપ સર્વથા ખોટો છે એમ માનવાનું કારણ નથી.

કોન્ફરન્સના જન્મ પછી થોડા વખતમાં જૈન ગ્રેજ્યુએટ એસોશીએશન નામનું એક મંડળ જન્મ પામ્યું છે. એ જન્મ પામ્યા પછી તેના જીવીતવ્યની ખબર બે ત્રણ વર્ષ સુધી તો મળી, હવે તે મંડળ અસ્તીત્વ ધરાવે છે કે કેમ ? તેની પણ ખબર નથી. આપણે દરેક બાબતમાં શુદ્ધ અને સરળ અનુમાન કરવું જોઇએ, અને તે પ્રમાણે તે જીવતું છે એમજ માનવું જોઇએ, ખરેખર તે જીવતું છે એમ માનીએ તો પછી તેની તંદુરસ્તી અને તેના આગળ વધવાના સમાચાર મેળવવાને માટે આપણે જો પ્રયત્ન કરીએ તો તેમાં અવિવેક કરીએ છીએ એમ મનાય નહીં.

એટલી વાત તો ખરી છે કે બીજી નજીકની ભાઇબંધ પ્રજાના પ્રમાણમાં આપણામાં વિદ્વાન મંડળી નથી, તોપણ પહેલા કરતાં કંઇ વધારે છે, છતાં એ મંડળની કંઇ હીલચાલ કેમ બહાર પડતી નથી ? શું આપણા ગ્રેજ્યુએટો આગળ વધવાના જીજ્ઞાસું નથી ? અથવા જીજ્ઞાસુ છે તો તેમનામાં આગળ વધવાની શક્તિ નથી ? અથવા તેઓ પોતાના કર્તવ્યને વિસરી ગયા છે ? પણ વિસરી ગયા છે એમ કેમ મનાય ? ત્યારે માનવું શું ?

આપણામાં કોઇ પણ જમાનાને અનુસરી અત્યાર સુધીમાં જેટલે સુધી આગળ વધી શકાય તેટલે સુધી વધેલ માલુમ પડતા નથી. વડી અને સ્થાનિક ધારાસભાઓમાં આપણી કોમમાંથી કોઈ રત્ન ઝળક્યું નથી. હાઇકોર્ટમાં જજની જગ્યા મેળવવાને કોઈ ભાગ્યશાળી થયું નથી, હાઇકોર્ટના જજની જગ્યા તો બાજુ ઉપર રહી પણ જીલ્લાના વડા, મેહસુલી કે જ્યુડીશીયલ અમલદારની પદવી મેળવવાને પણ કોઇ ભાગ્યશાળી થયેલ નથી. તેનું કારણ શું ? એમાં પણ અશિક્ષીત મંડળીનોજ દોષ ? ગ્રેજ્યુએટ મંડળ પોતે ડીગ્રી મેળવે અને તે મેળવ્યા પછી પોતે આગળ ન વધે તેમાં તેમનો પોતાનો દોષ કે પોતાની સહચારી અશિક્ષીત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંડળીનો દોષ ? આ એક ઘણો વિચાર કરવા લાયક પ્રશ્ન આપણી આગળ ઉભો થયો છે, તેનો નિર્ણય કરવાનું કામ આપણે તેમના ઉપરજ છોડીએ.

મોટી મોટી રાજદ્વારી નોકરીઓને બાજુ ઉપર મેલીએ અને અન્ય વિદ્વાનો પોતાની વિદ્વત્તાનો લાભ પોતાની સાથેની મંડળીને આપવાનો કેટલો પ્રયત્ન કરે છે તે જોઇએ. ગુજરાતમાં તેમજ માહારાષ્ટ્રમાં જુઓ તો તેઓ પોતાના જ્ઞાનનો લાભ કોઈને કોઈ રીતે બીજાઓને આપવાની તક જવા દેતા નથી. ભાષણોદ્વારા કે લેખોદ્વારા તેઓ પોતાનો ઉદ્યોગ શરૂ રાખે છેજ.

માહારાષ્ટ્રમાં નિકળતા માસીક અને અઠવાડીક પેપરો વાંચવાની જરા તસ્દી લેવામાં આવે એટલે તેનો નીકાલ આપોઆપ થઇ જશે, સારા સારા માસીકો માહારાષ્ટ્રીય પ્રજામાં દિવસે દિવસે વધતાં જાય છે, ત્યારે આપણામાં સારા માસીકો તેમના પ્રમાણમાં કેટલા નીકળે છે, તેનો મુકાબલો કરવાને જગ્યાજ નથી. હરેક માસીકમાં જોઇશું તો ¾ ભાગ ગ્રેજ્યુએટ મંડળીનાજ લેખો હશે, ત્યારે આપણા માસીકોમાં ગ્રેજ્યુએટ મંડળના કેટલા લેખો આવે છે, તેની ગણત્રીજ થઇ શકે તેમ નથી. જુદા જુદા પ્રસંગે માહારાષ્ટ્રીય વિદ્વાન બંધુઓના ભાષણો વાંચવાનો આપણને લાભ મળે છે, ત્યારે જૈન ગ્રેજ્યુએટ અને વિદ્વાન બંધુઓના ભાષણ આપણે કેટલાં સાંભળ્યાં અને વાંચ્યાં ? એ વિચાર કરવા લાયક વાત થઇ પડે છે, તેમની વિદ્વાન મંડળી નવીન નવીન ગ્રંથો તૈયાર કરી કેટલા બહાર પાડે છે. ત્યારે તેમના પ્રમાણમાં આપણા જૈન ગ્રેજ્યુએટ મંડળ તરફથી અત્યાર સુધીમાં કેટલા ગ્રંથો બહાર પડ્યા ?

આનું કારણ શું ? એ પ્રશ્ન આપણામાં જન્મ નથી પામતો ? શું તેઓ વધારે આયુષ્યવાળા છે ? કે તેમના માટે દિવસ રાત્રીનો ભાગ વધારે છે ? અથવા યુનિવર્સીટી તરફથી લેવાતી પરીક્ષાના ધોરણમાં કંઈ તફાવત છે કે શું ? તે પ્રજા ઉદ્યોગી અને ઉત્સાહી નિવડે છે, અને તેમનામાં સ્વાર્થત્યાગ અને જનસમાજની સેવાના વિચારો જન્મ પામે છે, અને આપણામાં નથી પામતા આનું કારણ શું ?

નાને મોઢે મોટી વાત કહેવાય નહીં અને કહેવામાં આવે તો તે વજન પકડે નહીં. જનસમાજનું અવલોકન કરતાં આપણને માલમ પડે છે કે વાત એકની એક હોય અને કહેવાનું એકને એકજ હોય તોપણ એક સાધારણ માણસ તે વાત કહે તેમાં અને ધનાઢ્ય અથવા વગવાળો માણસ તે વાત કહે તેની અસરમાં હમેશા તફાવત હોય છે. ન્યાયની કોર્ટમાં તકરારની પુષ્ટિમાં જે વિષય પ્રતિપાદન કરવાનો હોય તે વાત એક સાધારણ કાયદાના જ્ઞાનવાળો માણસ ન્યાયાધીશ સાહેબના ધ્યાન પર લાવે, તેમાં અને એક આગેવાનમાં ગણાયલો અનુભવી વકીલ કે બારીસ્ટર તેજ વાત ન્યાયાધીશ સાહેબના ધ્યાનપર લાવે, એ બન્નેની અસ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રમાં તફાવત શું આપણને નથી માલમ પડતો? પડે છેજ, તેજ નિયમને અનુસરી જો હું એમ કહું કે આપણો ગ્રેજ્યુએટ વર્ગ સમાજને માટે ઓછી કાળજી ધરાવે છે, અથવા પોતાની વિદ્વત્તાનો લાભ સમાજને આપવાની બખીલાઇ કરે છે, તે વાત જમા પકડવામાં આવે નહી અને હસવામાં કાઢી નાખવામાં આવે, પણ એજ વાત કોઇ પૂજનીય અથવા વજનદાર માણસ તરફથી બહાર પાડવામાં આવે તો તે વધાવી લેવામાં આવે.

મ્હારી તેઓ પ્રત્યે એવી પ્રાર્થના છે કે તમો અમારા જૈન સમુદાયમાં ચળકતા હીરા જેવા છો, તેથી તમારામાં જે પ્રકાશ પાડવાની શક્તિ છે, તે શક્તિનો અમારા ઉપર–અમારા જૈનવર્ગ ઉપર પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરો. શાસ્ત્રકારોએ એક ઠેકાણે એવું કહ્યું છે કે—

"હીમાલય પર્વત ઉપર આંબાના ફળ હોય તે મારવાડની ભૂમિના માણસોને શું કામ લાગવાના છે? કેમકે તે દેશમાં તો કેરડાના ઝાડ વધારે હોય છે, તેથી પૂર્વોક્ત ઝાડની કેરી કરતાં કેરડાનાં કેરાં સારાં કે તુરત તેનો ઉપયોગ થાય."

તેમ જો આપની વિદ્વત્તાનો લાભ અમને ન મળે તો પછી હીમાલય પર્વતની કેરીની પેઠે તેથી અમને શો લાભ થવાનો છે?

આપણી કોમ વિદ્વત્તા અને જ્ઞાનમાં ઘણી પછાત છે, એ બાબત આપને શું લગાર પણ લાગણી થતી નથી? આપ તેને માટે પ્રયત્ન કરશો તેથી આપની દ્રવ્યસંપત્તિ કંઇ ઓછી થઇ જવાની નથી. આપ અમારી જીજ્ઞાસા અને નવીન નવીન જાણવાની વૃત્તિઓને સતેજ કરો, એટલું જો થશે તો અમે આપોઆપ અમારા કર્ત્તવ્યનો વિચાર કરીશું અને આગળ વધવાને માટે પ્રયત્ન કરીશું. આપની લાગણી દુઃખવવાનો ઇરાદો નથી. છતાં જો તેમ લાગે તો તે માટે ક્ષમા ઈચ્છું છું.

**નંદલાલ લલ્લુભાઈ વકીલ.**
વડોદરા.

---

# શ્રી પાંજરાપોળના કર્ત્તાકારવતાઓનું કોન્ફરન્સ.

આખી દુનિયામાં પ્રાણી તરફ દયાની લાગણી બતાવવી, તેઓની હિંસા ઓછી થાય તેવા રસ્તા લેવા, તેઓને અશકત તથા અપંગ સ્થિતિમાં નિરાધાર ન રહેવા દેતાં તેઓ માટે યોગ્ય વ્યવસ્થા રાખી તેઓનું પોષણ કરવું, તેઓની બિમારી માટે કાળજી રાખીને દવા દારૂ કરવાં તથા બનતાં સુધી જેમ પ્રાણીઓને સુખ થાય તેવા રસ્તા લેવા એ સહુ કામ જૈન ધર્મનો જ્યાં ફેલાવો થયો છે ત્યાં જૈનધર્મી લોકોથી વિશેષે થાય છે.

આખી દુનિયામાં તેવી લાગણીવાળો દેશ માત્ર એક હિંદજ છે, તેમાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિંદના તમામ પ્રાન્તો તથા ઈલાકાઓ કરતાં ખાસ મુંબાઈ ઈલાકામાં તે લાગણી વધુ જોવામાં આવે છે. તેને પરિણામે પાંજરાપોળો, ગૌશાળાઓ, પશુ દવાશાળાઓ, વિગેરે જેટલા મુંબાઇ ઇલાકામાં છે તેટલાં બીજા કોઈ પણ ઇલાકામાં છેજ નહિ.

મુંબાઇ ઈલાકાના વતનીઓ પૈકી જૈનધર્મીઓ અને હિંદુઓ મદ્રાસ, બંગાલ, પંજાબ વિગેરે ઇલાકાઓમાં વ્યાપાર અર્થે જઈને વસ્યા છે; અગર રંગુન વિગેરે જગોએ રહી વ્યાપાર ધંધો ચલાવે છે ત્યાં તેઓએ પાંજરાપોળ વિગેરે સંસ્થાઓની શરૂઆત કરી દીધી છે. પરિણામે હિંદ તથા હિંદ બહારના પ્રાન્તોની અંદર પણ હવે મ્હોટા શહેરોમાં પાંજરાપોળો જોવામાં આવે છે.

આપણો દેશ ખાસ ખેતીવાડીને લાયક દેશ છે. દેશની વસ્તીનો લગભગ ૮૦ ટકા જેટલો ભાગ ખાસ ખેતી ઉપર આધાર રાખનાર છે, તેવા દેશના વ્યાપાર ઉદ્યોગનો આધાર પણ ખેતીવાડી ઉપર સ્વાભાવિક રીતે હોય છે, તે ધોરણે આપણા દેશના વ્યાપારનો મૂળ પાયો ખેતીની પેદાશ ઉપર જ છે.

આપણા મહાજનો એટલે આપણા દેશના વેપારી વર્ગના આગેવાનો તથા શેઠીઆઓનાં મંડળોનું મહત્ત્વ આપણા દેશમાં પહેલાં કાંઇ કમ હતું નહિ અને આજે પણ કાંઇ કમ છે નહિ. પરદેશમાં સુધરેલા ગણાતા દેશોમાં તેવાં મંડળો વધુ સત્તાવાન ગણાય છે. તેવાં મંડળો પોતાને પડતી મુસીબતો માટે એક સંપથી જોડાઇ તેની દાદ ફરિયાદ ચાહી રાજ્યસત્તાથી તે દૂર કરાવી શકે છે. અને પોતાને હિતકર કાયદા કાનુનો કરાવી વ્યાપાર રોજગારથી દેશ પરદેશમાં વધુ ફાયદા મેળવી શકે છે. આપણા દેશમાં પણ વેપારી મહાજન ઘણા વખત સુધી ખુણામાં પડી રહ્યા બાદ હવે કાંઈક જાહેરમાં આવતું જાય છે. મોટા મોટા શેહેરોમાં તથા વેપારી મથકોમાં વેપારી મંડળો ભેગાં થઈ સરકારમાં દાદ ચાહી યોગ્ય કાયદા કરાવી ફાયદા મેળવવા લાગ્યા છે. તેવે વખતે આપણા મહાજનો જે જુદી જુદી જગોએ દયાની લાગણીથી પાંજરાપોળ જેવાં ખાતાં સ્થાપી ચલાવે છે તે સૌ પણ પ્રસંગે પ્રસંગે પ્રતિનિધિદ્વારા ભેગાં થઈ કોન્ફરન્સ ભરી ચર્ચા કરી કામ કરતા થશે તો તેઓએ જે દયાનું કામ હાથ લીધું છે તેને તેઓ હજાર ગણી વધારે મદદ કરી શકશે.

એવાં ઘણાં કામો હોય છે કે જેમાં એક સંસ્થા કે મહાજનથી ફતેહ મેળવી શકાતી નથી, પણ સૌ મહાજનો ભેગાં થઇ તેવે પ્રસંગે યોગ્ય દાદ ફરિયાદ ચાહે—કાયદા કાનુનની મદદ ચાહે તો એક સંપથી માગતાં મેળવી શકે છે અને પરિણામે જીવદયા જેવાના કામને અંગે ઘણો ફાયદો થાય છે.

આપણો દેશ ખાસ ખેતીવાડીનો દેશ છે, આપણા દેશમાં ખેતીનાં જાનવરોની તુટ છે, તે સાથે દેશમાં પરમાટીનો ખોરાક દિનપરદિન વધતો જાય છે, તેમાં ખેતીનાંજ જનાવરોનો મોટે ભાગે વધ થાય છે, ખોરાક માટે ખેતીવાડીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગના જાનવરોજ ઉપયોગમાં લેવાય છે, પરિણામે ખેતીવાડીનાં જાનવ
અછત દિનપરદિન વધતીજ જાય છે. આને પહોંચી વળવા માટે રાજ્યો ત
રસ્તા લેવાણા નથી, રૈયત તરફથી પણ લેવાતા નથી, માત્ર મહાજનો તર
પાંજરાપોળ કે ગૌશાળા ખોલીને જે કાંઈ કામ થાય છે તેજ થાય છે, તેવાં ખ
ઓના પ્રતાપે ખેતીવાડીનાં જનાવરો બચાવાય છે, નિભાવાય છે, પાળીપોષી સ
રાખી જવાય છે. એવા દાખલા સરકારી દફતરે પણ જોવાય છે કે દુકાળમાં
વરોનો ઘાણ નીકળી ગયા બાદ ગાયો દેશમાંથી મળવી મુશ્કેલ થઇ પડી
આખરે પાંજરાપોળોએ નોખીનોખી જગાઓમાં જે હજારો જાનવરો બચ
હતાં તે જનાવરો દેશના ખેડુતોને કામ આવ્યાં. આ પ્રમાણે ધર્મની વાતને બાજ
રાખીએ તો પણ આવાં ખાતાંઓ દેશને સીધી કે આડકતરી રીતે જે મદદ
છે તે મદદ મેળવવા આજે રૈયત કે રાજ્યસ્થાનોની પાસે રસ્તા ઉઘાડા
તથા સાધન નથી. આવી કિમતી મદદ કરનારાં ખાતાંઓને રાજસ્થાનો તર
જોઇતી મદદ પણ મળતી નથી, પણ જો સૌ મહાજનો ભેગાં થઈ એક ધોરણ
કામ ચલાવતા હોય, ભેગા થઇને તે માટે મદદ મેળવવા નવા કાયદા કાનુનો
કરાવી મદદ મેળવાતી હોય, તેવા રસ્તા લેવામાં સાથે જોડાઈ કામ કરતા હોય તો
તેઓ જેટલું કરી બતાવી શકે છે તેના કરતાં સોગણું વધારે કરી શકે તેમ

આવાં ઘણાં કામો છે કે જે બધા અહીં ખાસ જણાવવાની જરૂર
તેવાં કામકાજો ભેગાં થઇને કરતાં ફાયદો થાયજ છે, તો તે માટે આપણને
રસ્તા લેવાની જરૂર છે.

આને અંગે શરૂઆતના પગલાં ભરવા માટે આખા કાઠિયાવાડમાં
રાપોળનાં ખાતાંઓ જયાંજયાં હોય તેના ચલાવનારાઓ–કર્ત્તા કારવતાઓ સહુનું
ભાવનગર જેવી જગોએ સંમેલન કરવું જોઇએ. આમ થતાં જણાશે કે આ
નાના કાઠિયાવાડમાં આવી જીવદયાની સંસ્થા કેટલી છે ? કેવી સ્થિતિમાં
તેવી સંસ્થાઓ મારફતે દર વર્ષે કેટલા રૂપિયા જીવદયાના કામ પાછળ ખ
છે ? તથા કેટલાં જનાવરો–પ્રાણીઓ વિગેરેને આશરો મળે છે ? વળી ના
સ્થિતિની સંસ્થાઓને સબળી સ્થિતિવાળી સંસ્થા તરફથી કેવી રીતે મદદ દેવાય
એક બીજાં ખાતાંને કેમ મદદ કરી શકે ? કેમ સુગમતાથી વહીવટ ચલાવી શ
તથા કેમ ઝાઝી સંખ્યામાં જીવો પાળી ઉછેરી શકાય ? તે બધી બાબતના વિ
થઈ શકે. પછી તેના રસ્તા એકસંપીથી વધુ ફાયદાકારક રીતે લઇ શકાય.

માણસ જેમ ઉન્નતિ ઇચ્છે છે તેમ તેનું મન સંકોચ મૂકતું જાયછે, તે પોત
સ્વાર્થની વાતમાંજ રચ્યું પચ્યું રહેતું નથી, પણ પોતે પોતાની જાત–પોતાનો દે
પોતાનો ધર્મ એમ વધતે વધતે સર્વદેશી, સર્વધર્મી કે સર્વપક્ષી જેવો થઇ જા

For Private And Personal Use Only

તેથી આખી દુનિયા તે તેનો દેશ, માણસજાત તે તેની જાત, પ્રાણીવર્ગ તે તેનો વર્ગ, એમ અનુક્રમે તેનું મન દઢ ઓળંગી જાય છે. માણસને માટે તો તેઓને દયા આવેજ, માણસ માટે તો તે મહેનત કરેજ, પણ તે નાનાં મ્હોટાં સૌ જીવવાળાં પ્રાણીઓને માટે મનથી મહેનત લે છે. ધન તેઓ વપરાય તેટલું વાપરે છે અને પોતાથી બનતું તેના ભલા માટે કરે છે. માણસની ઉન્નતિ થવા સાથે તેનામાંથી સ્વાર્થ છુટતો જાય છે ને પરમાર્થ વધતો જાય છે. આવા એક એક પરમાર્થી પુરૂષોને પ્રતાપે હજારો જીવો બચે છે. હજારોનાં જીંદગી સુધી જારણ પોષણ થાય છે, હજારો તરફથી આવાં કામ પાછળ ખર્ચવાને નાણાં અપાય છે. આવા સેંકડો પરમાર્થી પુરૂષો જેઓ આવાં ખાતાં ચલાવવા પાછળ પોતાની જીંદગીના કિમ્મતીમાં કિમ્મતી વખતનો ભોગ આપી તનમન ધનથી આવાં કામ ચલાવી રહેલા છે તે સૌ ભેગા થાય તો તે સહુના સંયુક્ત બળથી શું કામ બની ન શકે?

અરબસ્તાનનું રાજ્ય આપણા આજના અંગ્રેજી કે દેશી રાજ્યો જેવું સુધરેલું નથી છતાં પણ ત્યાં ઘોડાની પેદાશ સારી છે તથા ઉંચામાં ઉંચી છે તે નાબુદ ન થવા દેવા સારૂ રાજ્ય તરફથી એવા ઘણા કાયદા ઘડાણા છે કે પરિણામે ઉંચામાં ઉંચી જાતના ઘોડાઓ રાજ્ય તરફથી દેશ બહાર વેચાઇને જવા દેવામાં આવતા નથી. તથા ખાસ ઘોડીઓ તો પરદેશમાં જવા દેવામાં આવતીજ નથી. આવા કાયદાને પરિણામે આજ પણ અરબી ઘોડા દુનિયામાં પહેલે નંબરે રહેલા છે. આપણા દેશમાં પણ રાજ્યો તરફથી તથા સરકાર તરફથી એવા ઘણા કાયદા ઘડાણા છે કે તે કાયદાઓથી અમુક જનાવરોનો શિકાર બંધ છે. અમુક જનાવરો નાબુદ ન થઇ જાય માટે શિકારના પરવાનાની ગોઠવણ કરી છે તથા મ્હોટી ફી લઇ તેવાં જનાવરોના શિકારની પરવાનગી દેવાય છે. આતો શિકારી વર્ગ તથા શિકારના શોકીનોની સોઈ સાચવવા માટે તથા તેઓનો શિકાર બંધ ન થઇ જવા પામે તે માટે કાયદાઓ છે પણ ખેતીવાડીનાં જનાવરો લાખોની સંખ્યામાં દેશમાંજ ખોરાક માટે વપરાયે જાય છે તથા તેટલીજ સંખ્યા પરદેશ પણ ખોરાક માટે ચઢી જાય છે છતાં નવાઈની વાત એ છે કે તેને અટકાવવા કાંઇ પણ કાયદા કાનુન કરવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો નથી. માત્ર કાઠિયાવાડના રાજ્યસ્થાનોમાંથી હજારોની સંખ્યામાં જનાવરો પરદેશ ખોરાકમાટે મોકલી દેવામાં આવે છે તેના પરિણામે દેશની ખેતીવાડીને નુકશાન ભોગવવું પડે છે. આ માટે રાજ્યોમાં પ્રયત્ન કરીને તેને અટકાવવાના કાયદા કાનુનો કરાવી શકાય. રજવાડાઓને તેથી નુકશાન નથી પણ ફાયદોજ છે પણ તે સમજાવે કોણ? કે તે માટે મેહેનત કોણ કરે? માગ્યા વિના તો મા પણ પીરસતી નથી રૈયતે તો તે માટે ચળવળ કરવીજ જોઇએ. [illegible] ઉપાડી લે તો તેને તમે ફતેહ સમજો. સાર-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બકે રૈયતના પ્રતિનિધિ તથા વેપારી વર્ગના કર્ત્તાકારવતા મહાજનની એક કાંપીથી જે દાદ મગાય–તેની છાપ જે પડે તે બહુ સારી પડે તથા પરિણામે ફતેહ મળ્યા વિના રહેજ નહિ. વળી જે કામ ટાણે થાય તે નાણે થતું નથી; આજ દેશકાળ ફરી ગયો છે, દેશની દરિદ્રતામાં ખેતીનાં ઢોરોની અછત તથા તેના પ્રત્યેની બેદરકારી કારણભૂત છે તેમ જનસમાજ માનતું થયું છે તથા રાજ્યસ્થાનો પણ તે સમજતાં થયાં છે તથા આજનાં જમાનામાં રૈયતના અંતઃકરણ ઉપરવટ થઇને રાજાઓ રાજ્ય કરતા નથી કે કરી શકતા નથી. તો તે વખતે જો આપણે ધોરણસર એકસંપીથી તેવાં કામો માટે કમર કસી લડત શરૂ કરીએ તો ચોકસ ફાવી શકીએ.

શરૂઆતના પગલાં તરીકે આપણે આવી પાંજરાપોળ જેવી સંસ્થાઓના કારભારીઓની કોન્ફરન્સ ભરીએ તો તે ઉપયોગી થશે. શરૂઆત કાઠીયાવાડથીજ કરી પછી વધારતા જતાં આખો દેશ આવી બાબતમાં સામેલ થઇ શકશે. જ્યાં લાખો માણસોની તેવી ધોરણસર માગણી થયા કરતી હોય ત્યાં રાજ્યો તરફથી તે વાત ઉપર યોગ્ય વિચાર થયા વિના રહેજ નહિ.

શરૂઆતમાં આપણી લાગવગથી તથા સતત્ પ્રયાસથી એકેક નાના રજવાડામાં ખેતીના જનાવરોનો ખોરાક માટે વધ થતો અટકાવવા કે દેશની અંદર અછત છતાં પણ પરદેશ વેચાઈ જાય છે તે અટકાવવાને કાંઇ કાયદા કાનુનો કરાવી શકીશું તો ધીમે ધીમે તેવાં રજવાડાઓની સંખ્યા વધતી જશે. પ્રથમ શરૂઆત થઇ કે એકજ રજવાડા તરફથી પણ તેવું પગલું ભરાણું કે એક દાયકામાં આપણને કદી ખ્યાલ નહિ હોય તેટલી ફતેહ મેળવી શકાશે.

ઉપર બતાવેલા હેતુવડે તેવાંજ બીજાં ધર્મ તથા પરમાર્થનાં કામ વધુ થાય તેમ છે. જીવદયાની લાગણી ભાષણો તથા પુસ્તકોથી પ્રદર્શિત થાય તે કરતાં આવાં ખાતાં તરફથી તે પ્રત્યક્ષ બતાવાતી હોય તો આવાં કામોની ફતેહ વધુ થશે એમ જણાય છે.

ભાવનગર મહાજન પોતાની પાંજરાપોળની સુવ્યવસ્થા કરી બીજી તેવીજ સંસ્થાઓ પણ સારી સ્થિતિમાં આવે તથા આજે જે કામ થાય છે તેથી વધુ સારી રીતે થાય તે હેતુથી આ પગલું ભરવા માગે છે તથા કાઠિયાવાડના તમામ મહાજનોને પાંજરાપોળના કોન્ફરન્સ માટે પ્રતિનિધિદ્વારા ભાવનગરમાં ભેળા થવા નોતરવાનો ભાવનગર મહાજન ઇરાદો ધરાવે છે. આશા છે કે જે ઉદાર દિલથી–જે મ્હોટા મનથી ભાવનગર મહાજન આ નવું પગલું ભરી પોતાની મ્હોટાઈ બતાવવા માગે છે તેવીજ લાગણીથી આખું કાઠિયાવાડ સાથે જોડાઇ તેમાં સામેલ થશે તો દેશ, ધર્મ તથા પ્રાણી વર્ગ ઉપર મોટો ઉપકાર કરશે તથા પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાજન નામનું મહત્ત્વ સાબીત કરી બતાવશે. પરમકૃપાળુ પરમાત્મા પાસે વિનતિ છે કે આવાં પરમાર્થી કામમાં સર્વને ઉત્સાહ આપી સૌને એક લાગણીથી સતત્ સુપ્રયાસમાં જોડી રાખે.

ભાવનગર પાંજરાપોળ. શાખા-ભુંભલી. } ડા. રતીલાલ નૌતમલાલ. વેટરનરી સર્જન.

# जैन शासन-उपवन.

લાવારે વિમલ રી સંધ્યાની છાયા છાય છે—લય.

( થોડાક ફેરફાર સાથે. )

વાવા શી ! હૃદયમાં તેજની છવિ છાય છે.
**સદાચરણી** ઉરેથી હા, અંધકાર જાય છે. ( ૨ ) વાવા૦

વીર કૃપાથી ઉઘડે, શુભ અંતરના દ્વાર;
દર્શન શુભ લોચન કરે, પ્રેમ ભક્તિ ધરી સાર;
ઉર એક, હર્ષ તણી, ઉર્મિથી ઉભરાય છે. ( ૨ ) વાવા૦

ઉપવન નંદન વન સમું, અહું નજરમાં થાય;
કોમલ વૃક્ષ ઘટા ઝુકી, **સમતા** વાયુ વાય;
અને આત્મ, મંદ લ્હેરે, વિમળ ઝોલાં ખાય છે. ( ૨ ) વાવા૦

**શીલ** દાન તપ ભાવના, પુષ્પિત વૃક્ષ અનેક;
**અહિંસા** કુદરત રાજ્યમાં, ઝુલે ધારી ટેક;
મીંહી **નીતિની,** સુગંધ સર્વત્ર પથરાય છે. ( ૨ ) વાવા૦

સુશ્રાવક પક્ષી સહુ, કરે મધુર ગુણ ગાન;
જિન ભક્તિ કરતાં રહે, કર્તવ્ય કેરૂં ભાન;
**ગુણિમુનિ** હંસ તણો કલરવ મીંહી થાય છે. ( ૨ ) વાવા૦

ઘડીમાં જ્યોતિ ધવલ ત્યાં, પડે દ્રષ્ટિને પાથ;
નયન બની ઉત્સુકને, નિરખે નયનાનંદ;
ત્યાં **જિનદેવ** કેરાં અમૃત દર્શન થાય છે. ( ૨ ) વાવા૦

ભાવનગર જૈન બોર્ડિંગ. } શાહ પોપટલાલ પુંજાભાઇ.

For Private And Personal Use Only